Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

જ્ઞાતિ પ્રવાહનું સામાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૯ • અંક : ૩૮ • તા. ૧૯ સપ્ટેમ્બર ૨૦૧૬ થી ૨૫ સપ્ટેમ્બર ૨૦૧૬ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCE/53/2015-17

## તેરા ગામે નવનિર્મિત રાજલક્ષ્મી વાત્સલ્યધામ અતિથીગૃહના લોકાર્પણ પ્રસંગની તસ્વીરો



રાજલક્ષ્મી વાત્સલ્યધામ દાતા પરિવાર
માતુશ્રી રાજબાઈ અને શેઠશ્રી લક્ષ્મીચંદ ધારશી મોતા



રાજલક્ષ્મી વાત્સલ્યધામ મુખ્ય દાતા પરિવાર



રૂમ નં. ૧ ના ફર્નીચરના દાતાશ્રી માતુશ્રી લીલબાઈ માણેકજી
કેશવજી દંડ પરિવાર – આણંદ પરિવાર



રૂમ નં. ૨ ના ફર્નીચરના દાતાશ્રી શ્રીમતી મીનાબેન ગુલાબ
પદમશી મોતા પરિવાર, કુવાપધર – હૈદરાબાદ



રૂમ નં. ૫ ના ફર્નીચરના દાતાશ્રી શ્રીમતી વેલબાઈ પદમશી
માડણ લોડાયા પરિવાર, કુવાપધર – બોરીવલી



રૂમ નં. ૩-૪-૬-૭-૮ ના ફર્નીચરના દાતાશ્રી
'ખીમજી' પરિવાર



અતિથિ વિશેષ અ.સૌ. રશ્મીબેન પ્રતાપ લોડાયાનું બહુમાન



અતિથિ વિશેષ CA પદમશીભાઈ લાલકાનું બહુમાન

# તેરા ગામે નવનિર્મિત રાજલક્ષ્મી વાત્સલ્યધામ અતિથીગૃહના લોકાર્પણ પ્રસંગની તસ્વીરો


રાજલક્ષ્મી વાત્સલ્યધામના મુખ્ય દાતા
શેઠ શ્રી લક્ષ્મીચંદ ધારશી મોતાનું બહુમાન


સમારંભ પ્રમુખ શ્રી પ્રતાપ નારાણજી દંડનું બહુમાન


કચ્છ એકમ પ્રમુખ મહેશભાઈ લાલકાનું બહુમાન


તેરા ગામ ઠાકોર, મયુરધ્વજ સીંહજીનું બહુમાન


રાજેન્દ્ર વિરચંદ સાંયાનું બહુમાન


મુંબઈ મહાજન પ્રમુખશ્રી કલ્પેશ માણેકજી મોતાનું બહુમાન


રૂમ નં. ૧ ના દાતા પરિવારનું બહુમાન


મુખ્ય અતિથિ દમયંતિબેન મહેન્દ્ર ખીમજીનું બહુમાન


રૂમ નં. ૨ ના દાતા પરિવારનું બહુમાન


રૂમ નં. ૫ ના દાતા પરિવારનું બહુમાન


રૂમ નં. ૩-૪-૬-૭-૮ ના દાતા પરિવારનું બહુમાન


તેરા ગામના વડિલ ટ્રસ્ટી શ્રી રમેશભાઈ નારાણજી દંડનું
દાતા પરિવાર દ્વારા બહુમાન

**આદ્યતંત્રીઓ**

''પ્રકાશ''
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 38/2016**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com



નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.


# 'અનંત છાયા'ની પુનર્વિકાસ યોજનામાં આક્ષેપિત ગેરરીતિઓના તબક્કે ટ્રસ્ટીઓએ પરિણામલક્ષી પગલાં લેવા પડશે

આ સપ્તાહના પ્રારંભના દિવસોથી જ્ઞાતિજનોના 'વ્હોટસએપ' પર 'અનંત છાયા'ની પુનર્વિકાસ યોજનામાં ડેવલપર દ્વારા સોએક કરોડ જેટલી રકમની ગેરરીતિ કે કૌભાંડ આચરાયું હોવાની વિગતો સહિત, મુંબઈના એક મરાઠી દૈનિકમાં છપાયેલ અહેવાલ અને એક સ્થાનિક નગરસેવકની પત્રકાર પરિષદની વિડિયો ક્લિપ દર્શાવાઈ રહી છે. તે વિષયે જ્ઞાતિજનોમાં સ્વભાવિકપણે અનેક રીતે તર્ક-વિતર્ક અને શંકા કુશંકા સર્જાયા છે, જેમાં ખાસ કરીને 'અનંતછાયા'ના સો જેટલા ભાડુતોને તેમના નવા ફ્લેટનો કબજો મળવામાં હવે વિલંબ થશે કે કેમ તે પ્રશ્ન મુખ્યપણે ચર્ચાઈ રહ્યો છે.

ઉક્ત મરાઠી દૈનિકની ઈન્વેસ્ટીગેટીવ ટીમે ડેવલપર દ્વારા અનંતછાયાની જમીન પરની કથિત ઝુંપડપટ્ટીની યોજનાનું માલવણી (મલાડ) જેવા દુરના ધોરણા નિમ્ન મધ્યમ વર્ગીય પરામાં કરાયેલ સ્થળાતંરની કાયદેસરતા વિશે તેમજ થઈ રહેવા બાંધકામમાં એફ.એસ.આઈ ઈત્યાદિની ગણતરીમાં મોટા પાયે કરાયેલી ગેરરિતિઓ વિશે અનેકાનેક અક્ષેપો કર્યા છે અને તેના સમર્થનમાં મંજુર થયેલ યોજના તથા પ્લાનની વિગતો આ અહેવાલમાં ટાંક્યા છે, જેથી પ્રથમદર્શી રીતે તેની તથ્યતા વધારે વર્તાય છે, આમ આ આખી બાબતે ઘણું ગંભીર સ્વરૂપ ધારણ કર્યું છે.

આ સંદર્ભે ૨૦૧૦-૨૦૧૫ની મુદતના ટ્રસ્ટીઓએ પાવર ઓફ એટર્ની દ્વારા વર્તમાન ડેવલપરની ફર્મના ભાગીદારોની તરફેણમાં અનંતછાયાની મિલક્ત બાબતે સઘળે સઘળા અધિકારો સોંપ્યા, તેના અનુરૂપમાં ડેવલપર ઉપરોક્ત રીતે ઝુંપડપટ્ટી યોજનાનું સ્વરૂપ આપવા માંગે છે તે વસ્તુસ્થિતિથી આ ભૂતપૂર્વ ટ્રસ્ટીઓ પૂર્ણપણે માહિતગાર હતા, તેનો નિર્દેશ વર્ષ ૨૦૧૨માં તે ટ્રસ્ટીઓ, ભાડૂતો અને ડેવલપર વચ્ચે થયેલા કરારોની વિવિધ કલમોમાં મળે છે.

એ રીતે આવી ઝુંપડપટ્ટી પુનર્વસનની યોજનાને કાર્યાન્વિત કરવાનું પગલો નિયમનો વિરૂદ્ધની હોય અથવા તો જો તે નિયમનો અનુસાર સુસંગત રીતે પ્લાનમાં આમેજ કરાયેલી હોય, પરંતુ તે પ્રમાણે બાંધકામ ન કરાયું હોય તો તે કારણે ડેવલપરે કરેલ કાર્યવાહી ગેરકાયદેસરની ઠરશે તો તેની જબાવદારી આ ભૂતપૂર્વ ટ્રસ્ટીઓપર પણ આવી શકે તેમ છે.

આમ છતાં વર્તમાન ટ્રસ્ટીઓની ઉપરોક્ત રીતે મંજૂર થયેલા બીલ્ડીંગ પ્લાનની કાયદેસરતા અંગે અથવા બાંધકામના નિયમનો પ્રમાણે અંમલ બજાવણી થઈ છે કે કેમ તે અંગે પર્યાપ્ત ચકાસણી કરવાની જવાબદારીમાં ઊભી જ રહે છે. આનું મુખ્ય કારણ એ છે કે અનંત છાયાની જમીનની માલિકી હજી પણ અનંતનાથજી ટ્રસ્ટની છે અને વર્તમાન ટ્રસ્ટીઓ ટ્રસ્ટની માલિકીની જમીન-મિલક્ત બાબતે કોઈપણ ગેરકાયદે બાંધકામ કે પ્રવૃત્તિ થતી હોય તો તે અંગે યોગ્ય પગલા લેવાની ટ્રસ્ટી તરીકે તેમની ફરજ છે. અન્યથા તેમણે ટ્રસ્ટનો વિશ્વાસભંગ કર્યો ગણાશે અને પબ્લીક ટ્રસ્ટ એક્ટ હેઠળ તેઓ કસુરવાર ઠરી શકે છે. તેમણે ડેવલપરને કાનુની નોટીસ દ્વારા જણાવવું જોઈએ કે પોતે તા. ૧-૪-૨૦૧૫થી આ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ છે અને ભૂતપૂર્વ ટ્રસ્ટીઓએ આપેલ પાવર ઑફ એર્ટની હેઠળ ડેવલપરે કોઈ કાર્યવાહી ન કરવી જોઈએ. ટ્રસ્ટીઓએ આવી સુચના આપવા જેટલી તકેદારી પણ લીધી નથી તે અતિગંભીર વિશ્વાસભંગ સમાન તો છે. વધુમાં પોતાની મિલકતના લાચાર ઉપેક્ષીત માલિકો જેવી વર્તમાન ટ્રસ્ટીઓની વર્તણૂક આપણી

જ્ઞાતિ માટે બિલ્કુલ શોભાપ્રદ નથી.

ખાસ કરીને જ્યારે વર્તમાન ટ્રસ્ટ બોર્ડમાં બીલ્ડીંગ ક્ષેત્રમાં અનુભવ ધરાવતા કેટલાક ટ્રસ્ટીઓ છે ત્યારે તેમણે અનંતછાયાની જમીનપર થઈ રહેલા સમગ્ર બાંધકામ અંગેના મંજૂર થયેલા પ્લાન તેમજ તે યોજનાની અંમલ બજવણી બાબતે પૂરતી ચકાસણી કરી જ હશે. જો તેમણે હજુ સુધી ઉક્ત પ્લાનની કાયદેસરતા તપાસી ન હોય તો તેમણે આ અંગે એકાદ સપ્તાહની અંદર તે બાબતે અભિપ્રાય મેળવી ટ્રસ્ટબોર્ડ અને જ્ઞાતિ સમક્ષ રજુઆત કરવી જોઈએ.

આ ઉપરાંત આખી બાબત એ કારણસર ઘણી ગંભીર બને છે કે જો ઉપરોક્ત મરાઠી દૈનિકની ઈન્વેસ્ટીગેટીવ ટીમે અનંતછાયાના વર્તમાન બાંધકામમાં ગેરરીતિ આચરાઈ છે, તેવા આક્ષેપો કર્યા પછી આખી વાત આગળ વધે તો ભાડૂતોના પુનર્વસનના ફ્લેટોના બાંધકામ સહિત સંપૂર્ણ બાંધકામ અટકાવી દેવાની મ્યુનિસિપલ કોરપોરેશન દ્વારા કાર્યવાહી થવાની નોબત પણ આવી શકે તેમ છે.

છેલ્લા દોઢેક વર્ષ દરમિયાન ડેવલપર દ્વારા અનંત છાયાની જમીન પર થઈ રહેલા બાંધકામ અંગે વર્તમાન ટ્રસ્ટીઓએ કોઈ ખાસ નિસ્બત દાખવી નથી, સિવાય કે ત્યાં નૂતન જિનાલયનું બાંધકામ વિલંબિત થઈ રહ્યું હોતા ટ્રસ્ટીઓએ ડેવલપર સાથે દસ-પંદર વખત પત્રવ્યવહાર કરવાથી સંતોષ માન્યો છે.

આ રીતે ટ્રસ્ટીઓએ ભાડૂતોને અપાનારા પુનર્વસનના ફ્લેટોના બાંધકામ વિશે હવે ઊભી થયેલી ગંભીર પરિસ્થિતિ અંગે આટલો વખત સાવચેતીના આગોતરા પગલાં લેવાની કાર્યવાહી કરી નથી તે સ્પષ્ટ જણાય છે.

હજી પણ મોડું થયું નથી. અને ખાસ કરીને જ્યારે એક વર્તમાન પત્રની ઈન્વેસ્ટીગેટીવ ટીમે અભ્યાસપૂર્ણ તપાસ કરી ડેવલપર દ્વારા અમલમાં મુકાઈ રહેલી યોજનામાં કથિત ગેરરિતીઓ બાબતે આક્ષેપો કર્યા છે જે અનંતછાયાના ભાડૂતોના હિતોને પણ સ્પર્શે છે ત્યારે તે અહેવાલનો સંદર્ભ આપીને વર્તમાન ટ્રસ્ટીઓએ ડેવલપરને કાનુની નોટીસ બજાવી વિગતવાર સ્પષ્ટતા કરવા અને યોગ્ય ચેતાવણી આપવાની સાથે સાથે જમીનના માલિક, ટ્રસ્ટના ટ્રસ્ટીઓ તરીકેની હેસિયત બતાવવાની તક જતી ન કરવી જોઈએ. તેમણે યુધ્ધના ધોરણે નિષ્ણાત આર્કીટેક્ટ અને વરિષ્ઠ કાનૂની સલાહકારનો અભિપ્રાય મેળવી જે જરૂરી કાનૂની કાર્યવાહી કરવાની સલાહ મળે તો તે મુજબ તાત્કાલિક પગલાં લેવા જોઈએ.

ગયા સપ્તાહે ટ્રસ્ટીઓએ જાહેરમાં વિધાન કર્યું છે કે તેઓ પારદર્શક રીતે જ કામ કરવામાં માને છે અને જ્ઞાતિજનોના વિશ્વાસને આંચ નહીં આવે... જો ટ્રસ્ટીઓએ જ્ઞાતિને તેમના આ વિધાન પ્રત્યેની નિષ્ઠાની પ્રતીતિ આપવી હોય તો તેમણે અનંતછાયા બાબતે ઊભા થયેલા આ વિવાદની તથ્યતા-અતથ્યતાની વિગતવાર માહિતી જ્ઞાતિ સમક્ષ બનતી ત્વરાએ પારદર્શક રીતે મુકવી જ પડશે.


**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606
You must write seprate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers- Just give your Subscription Number for New Subscribers - Give full address as per above guidlines
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ પૂરું સરનામું ઉપર મુજબની સુચના પ્રમાણે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of
**"C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવું.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.

## તું જ તારો દીવો બન....

ફાધર ટોની ડીમેલોની એક બોધકથા છે. એક બાળકે કાચબો પાળ્યો હતો. એ તેને બહુ વહાલો. એક દિવસ કાચબો મરી ગયો. બાળક બહુ રડ્યો. કેમે કરીને છાનો ન રહે. પછી વડીલોએ તેને પટાવ્યો-સમઝાવ્યો, જો, હવે કાચબો જીવતો થવાનો નથી. પણ આપણે કાચબાનું એક સરસ સ્મારક બનાવીશું. તેને ફુલોથી સજાવીશું. તેમાં કાચબાની કબર પર એક મીણબત્તી, કરીશું. તેની પર રાત્રે લાઈટો લગાડીશું. બાળકને આ યોજનામાં મઝા પડી ગઈ. એવામાં મરેલો મનાતો કાચબો સળવળ્યો, એટલે બાળક તરત ગુસ્સામાં બોલ્યો 'પહેલા આ કાચબાને મારી નાખવો પડશે.'




આઝાદી વખતે ગાંધીજીએ કહ્યું હતું કે 'દેશના ભાગલા મારા મૃતદેહ પરથી થશે.' પરંતુ ગાંધીજીની સામે ભાગલા થયા ત્યારથી ઘણા લોકો સવાલ કરતા રહ્યા છે કે 'ગાંધીજીએ આવું કહ્યું હતું, તો ભાગલા પછી તે કેમ જીવતા રહ્યા ?' દેશ માટે ગાંધીજીએ કરેલું સમર્પણ તેમણે આપેલો ભોગ અને તેમણે કરેલી દેશની સેવા સહેલાઈથી ભૂલાઈ ગઈ. ગાંધીજીએ શું કર્યુ તેનું જાણે તેમના માટે કશું મહત્ત્વ જ ન હતું.

એવો વિચાર ભગતસિંઘ માટે પણ આવે. ભગતસિંઘ જો લાંબું જીવ્યા હોત તો ? વાંચવામાં બહુ ક્રુર લાગે, પણ ભગતસિંઘ લાંબું જીવ્યા હોત તો આપણા લોકો તેમને પણ પૂછી લેત કે 'તમે તો ક્રાંતિની મોટી મોટી વાતો કરતા હતા કેમ જીવતા રહ્યા ?

તાજા દાખલા મુજબ મણિપુરમાંથી આર્મ્ડ ફોર્સ સ્પેશિયલ પાવર એક્ટ (આફસ્પા)નો અત્યાચારી કાયદો હટાવવા માટે ઈરોમ શર્મિલાએ લગભગ ૧૬ વર્ષ સુધી ઉપવાસ કર્યા. સરકાર આત્મહત્યાના ગુનાસર તેમની ધરપકડ કરતી રહી અને તેમના નાકમાં નળી નાખીને, બળજબરીથી ખોરાક આપતી રહી.

શર્મિલા અને નળી એકબીજાના અભિન્ન અંગ બની ગયા. આઝાદ ભારતના ઈતિહાસમાં આ જાતનું આવું કઠણ દમન કરનારા સત્યાગ્રહની જોડ નથી. એ દરમિયાન ઈરોમ શર્મિલાને 'સેલિબ્રિટી' બનાવી દેવાયા. અગાઉના કિસ્સાઓની જેમ તેમણે આપેલા ભોગ કે તેમની પ્રતિબધ્ધતાને ભૂલી જવાયા.

પોતાની જુવાનીનાં કિંમતી સોળ વર્ષ શર્મિલાએ જે પ્રજા માટે ખર્ચી નાખ્યાં એ પ્રજાએ શર્મિલાને આ બદલો આપ્યો. શરૂઆતના દિવસોમાં હજારોની સંખ્યામાં લોકો ભેગા થતા હતા ત્યાં હવે એક ચકલું પણ ફરકતું નથી.

ભારતની મહાન સંસ્કૃતિના પ્રજાકીય કેળવણીના આ કરુણ નમૂના છે. મૂળે આપણી પ્રજા ભયભીત છે. અને જે ભયભીત હોય તે ચોક્કસ સ્વાર્થી હોવાના. જેને સોશિયલ સાયકોલોજી કહે છે તેનો જેટલો વિકાસ પશ્ચિમમાં થયો છે તેટલો ભારતમાં થયો નથી, અને એટલે જ અમેરિકા જેવો અધાર્મિક દેશ દુનિયા આખીને પોતાના અંકુશ હેઠળ લાવી શક્યો છે.

ભગવાન મહાવીરનો 'અભય'નો મંત્ર પણ કારગત નિવડ્યો નથી. કારણ જે ભગવાન રાજપાટ છોડીને જંગલમાં ચાલ્યા ગયા. શરીર પર એકજ વસ્ત્ર બચ્યું હતું તે પણ એક કાંટાએ તેમના પાસેથી છોડાવી દીધું. આજે તેમના અનુયાયીઓ પોતાના પાછલા જીવન માટે મોટા મોટા દેરાસરો સાથે મોટા મોટા અપાસરા (પોતાના રહેવા માટે, બધી

પ.પૂ. ભટ્ટારક જૈનાચાર્થ શ્રી જિનેન્દ્રસાગરસૂરીશ્વરેભ્યો નમઃ
॥ શ્રી મહાકાલી પ્રસાદાત્ શ્રી મુખ હુજૂર ॥

જય જય મહાકાલી મા

**મહાકાલી મા એવા રસીયા... સૌને બોલાવે ઘડી ઘડી !**

**બીજા નવરાત્રે ઘાટકોપરમાં યોજીત ૨૧મા વરસના મહાકાલી ઉત્સવે વિશેષ આમંત્રણ**

શ્રી અચલગચ્છના દેવી શ્રી મહાકાલી માતાજી પૂજન ઉત્સવ આસો સુદ ૨ રવિવાર, તા. ૨-૧૦-૨૦૧૬ના સવારના ૮ થી ૨, ઘાટકોપર શ્રીમતી ઝવેરબેન સભાગૃહ - રાષ્ટ્રીયશાળા સ્થાને યોજેલ છે. કાર્યક્રમ સવારે ૮ થી ૧૧ મહાકાલી પૂજન, ૧૧ થી ૧૧.૨૦ પહેડી-આરતી, ૧૧ થી ૨ દર્શન-વંદન પહેડી પ્રસાદ, સાધર્મિક ભક્તિ સંગીત શ્રી કિશોર મનરાજા તથા હંસકુમાર-મુકેશ મૈશેરી કલાકારો રંગત જમાવશે આપ સમસ્ત ભાવિકોને માના ભક્તિ ઉત્સવમાં પધારવા ૨૧ વરસના દાતાઓ, મંદિર-ટ્રસ્ટ, યતિશ્રી મોતીસાગરજીશ્રીજી મ.સા. તરફથી ભાવભર્યુ આત્મિય આમંત્રણ.

ભાવભર્યું આમંત્રણ સ્વીકારી ભાવિકો પધારશોજી.

**માના વધામણે આસો સુદ બીજ રવિવાર, તા. ૨-૧૦-૨૦૧૬ના પહેડીમાં અવશ્ય પધારશો.**

સુખસગવડો સાથે) અથવા પાલીતાણામાં ફ્લેટ બનાવી રહ્યા છે. પોતાના ખાતામાં લાખો કરોડો રૂપિયા જમા કરાવી રહ્યા છે. તેમને ખબર છે અથવા શ્રાવકો પર ભરોસો નથી કે છેલ્લા જીવનમાં આ શ્રાવકો તેમની વેયાવચ્ચ કરશે કે નહીં. એટલે મેં લખ્યું કે ભગવાન મહાવીરનો 'અભય' મંત્ર ફેલ થઈ રહ્યો છે. મિચ્છામિ દુક્કડં.

મારા મિત્રે પોતાના જીવનનાં અમુલ્ય વર્ષો સમાજ પાછળ વેડફયા. પોતાની ટોટલ સંપતિ સમાજ પાછળ ખર્ચી નાખી. આજે જીવનના અંતકાળે તેમનો એક માઈનો લાલ પણ ભાવ પુછતો નથી.

માનવીના હૃદયને ભયંકર આઘાત લાગે તે સ્વાભાવિક છે. એનો એક જ ઉપાય છે. ભગવાન મહાવીરના મૂળ તત્વો જીવનમાં ઉતારો. એમનામાં સંપુર્ણ શ્રધ્ધા રાખો. એમણે કેટલા ઉપસર્ગો સહ્યા. તેને પલ-પલ યાદ કરો. કૃષ્ણ ભગવાને ગીતામાં કહ્યું છે તેમ સ્થિતપ્રજ્ઞ બનો.

કૃષ્ણ ભગવાન પણ દ્વારિકા નગરીના રાજા હોવા છતાં તેમનો અંતકાળ કેવો દુઃખમય હતો તેનો અભ્યાસ કરો.

ભગવાન બુધ્ધની ૨૬૦૦ વર્ષ પહેલાની વાણી આજે એકવીસમી શતાબ્દીમાં પણ એટલીજ માર્ગદર્શનરૂપ છે. જીવનને સુખી ઈચ્છતા આપણા જેવા લોકો માટે આ જવાબ ઘણો ઉપયોગી છે.

ભગવાન બુધ્ધે આનંદને કહ્યું 'હે આનંદ ! તું તારા પર જ નિર્ભર રહે. આત્મનિર્ભર બન. આત્માને જ દીપક બનાવી લે - અપ્પ દીવો ભવ. ધર્મ દીપના પ્રકાશમાં આગળ વધ. આત્માની જ શરણમાં રહે. કોઈના વાક્યો કે શાસ્ત્રોના બદલે તારા અંતરાત્માના અવાજને જ માર્ગદર્શક માનીને આગળ વધ.

ભગવાન બુધ્ધે માનવ સમાજને આપેલી સુખ અને સફળ જીવનની આ અમુલ્ય આવી છે. બુધ્ધે આત્માનુભૂતિ પર વધારે ભાર મૂક્યો. એમણે શાસ્ત્ર મહારથીઓના બદલે સત્યાનુભવી લોકોને વધુ મહત્ત્વ આપ્યું.

બુધ્ધનો આગ્રહ હતો કે આપણે દરેક બાબતમાં વિવેક બુધ્ધિનો ઉપયોગ કરી સત્ય સુધી પહોચવું જોઇએ. સત્ય એક એવી અમૂલ્ય ચીજ છે જ્યાં શાંતિથી જ પહોંચી શકાય. આ સત્ય વિશ્વના તમામ માનવીય મૂલ્યોનું જન્મસ્થાન છે.

આપણો સમાજ છીછરી લોકલાગણીની બેધારી તલવાર પર જીવી રહ્યો છે. લોકોનું સ્વાર્થી અનુસંધાન એવું ગોઠવાઈ ગયું છે કે હવે તેમને, કાચબાનું મૃત્યુ, ઝંખતા બાળકની બોધ કથાની જેમ, આપણો ખપ રહ્યો નથી.

– **પ્રવીણ લોડાયા,** વડોદરા

।। શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ।। ।। શ્રી શાંતિનાથાય નમઃ ।।

## કચ્છી જૈન ફાઉન્ડેશન પ્રેરીત કચ્છી જૈન સંઘ - લારકિન્સ નગર
## શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ગૃહ જિનાલય
## પર્યુષણ મહાપર્વ

રાષ્ટ્રસંત ભારત દિવાકર, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. **શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.**, તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. **શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**, સાહિત્ય દિવાકર પ.પૂ.આ.ભ. **શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.**ના આશિષથી પર્યુષણ મહાપર્વનો જામ્યો રૂડો રંગ, પર્યુષણ મહાપર્વની ખુબજ રૂડી રીતે હર્ષ ઉલ્લાસથી ઉજવણી થઇ.

ભવ્યાતિભવ્ય પ્રભુજીની આંગી રચાઇ, મેઘધનુષના રંગબેરંગી કલરો જેવી રંગોડીઓ રચવામાં આવી. પંચ કલ્યાણક પૂજા-સ્નાત્ર પૂજા ભણાવવામાં આવી, વહેલે પરોઢીએ રાઇ પ્રતિક્રમણ, સવારનાં ભક્તામર, વ્યાખ્યાન, સાંજે દેવસિ પ્રતિક્રમણ, રાત્રી ભાવના સાથે ધાર્મિક પ્રશ્નોત્તરી કાર્યક્રમો થયા હતા. રાત્રિ ભાવનામાં **શ્રી ભરત હીરાલાલ વોરા (નારાણપુર)** અને એમની ટીમ સાથે પધાર્યા હતા. આપણા પરાંના ભાજપના નગર સેવક **શ્રી વિકાસ ગજાનંદ મ્હાત્રે** અને **શ્રીમતી કવિતા વિકાશ મ્હાત્રે** બીજના દિવસે પધાર્યા હતા તેમજ કચ્છી જૈન ફાઉન્ડેશન વતી **શ્રી જિગનેશ દેઢિયા** (CA) **(ગઢશીસા-ઘાટકોપર)** પધાર્યા હતા.

આર્યરક્ષિત જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠના આયોજનથી આરાધક બેનો **શ્રીમતી રેખાબેન દિનેશ દેઢિયા (હમલા મંજલ)** અને **શ્રીમતી કોમલબેન રોહન મોતા (કોઠારા)** આરાધના કરવા પધાર્યા હતા. ખુબજ સુંદર આરાધનાઓ કરાવી. **કોઇપણ ચડાવા ન બોલતા માત્ર લક્કી ડ્રો વડે (નિ:શુલ્ક)** પાંચ જ્ઞાન પૂજા, કલ્પસૂત્ર પોથી, ૧૪-મહાસ્વપ્નો, પ્રભુજીનું પારણું, બારસાસૂત્ર વહોરાવવાનું અને દ્વાર ઉદ્ઘાટન જેવા મહામૂલ્ય લ્હાવા આપવામાં આવ્યા.

| | |
|---|---|
| **સવારે વ્યાખ્યાન બાદ પ્રભાવના** : કચ્છી જૈન ફાઉન્ડેશન તરફથી | **આરાધક બેનો અને તપસ્વી બહુમાન** : કચ્છી જૈન ફાઉન્ડેશન તરફથી |
| **૮-દિવસ ભક્તામરના લક્કી ડ્રો** :<br>શ્રીમતી વિજયાબેન દિનેશ લોડાયા (આરીખાણા) | **૮-દિવસ રાત્રી ભાવનામાં લક્કી ડ્રો** :<br>સ્તુતિ-સ્મિત, સંગીતા જીગનેશ દેઢિયા (CA)(ગઢશીસા-ઘાટકોપર) |
| **પ્રભુ મહાવીર જન્મકલ્યાણકના પાવન દિવસે** | |
| **સવારની નવકારશી** :<br>માતુશ્રી અમૃતબેન ચુનીલાલ કેશવજી દેઢિયા (નાની ખાખર)<br>હસ્તે : શ્રી મનસુખભાઇ દામજી દેઢિયા (સાડાઉ) | **લાડવાની પ્રભાવના** : શ્રી દીપક વેલજી લોડાયા (કુવાપધર)<br>**બપોરની સાધર્મિક ભક્તિ** : કચ્છી જૈન સંઘ - લારકિન્સ નગર |
| **પાંચમના પાવન દિવસે શ્રીફળની પ્રભાવના** : સાંચી બિંદી, મેરૂ પ્રોડક્ટ્સ (નાલાસોપારા) હસ્તે : શ્રીમતી જીગ્ના વિજય છેડા (સુજાપર) | |
| **તપસ્વીઓના પારણા** : શ્રીમતી જીગ્ના વિજય છેડા (સુજાપર) | |

સર્વે દાતાશ્રી પરીવારોનું **કચ્છી જૈન સંઘ - લારકિન્સ નગર** અને સર્વે કાર્યકર્તાઓ વતીથી
હૃદયપૂર્વક ખુબ-ખુબ અનુમોદના ! તેમજ મિચ્છામિ દુક્કડમ્ !!

|| શ્રી મહાવીર સ્વામીને નમઃ || || શ્રી સુવિધિનાથાય નમઃ || || શ્રી આદિનાથાય નમઃ ||




# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ જખૌ મહાજન

દ્વારા આયોજિત



# સ્વામિવાત્સલ્ય અને સ્નેહમિલન



જખૌગામવાસીઓ, નિયાણી બહેનો તથા આમંત્રિત મહેમાનો ને જણાવતા આનંદ થાય છે કે આપણા જખૌ ગામના **સ્વામિવાત્સલ્ય અને સ્નેહમિલન**ના અણમોલ પ્રસંગે મેળાવડામાં સહ પરિવાર પધારવા

## હાર્દિક આમંત્રણ

| | | |
|---|---|---|
| સવારે ૧૦:૧૫ કલાકે | દીપ પ્રકાશન, સ્વાગત ગીત, માંગલિક | **શુભ દિવસ** : રવિવાર, તા. ૧૬.૧૦.૨૦૧૬ સવારે ૯ થી રાત્રે ૧૦ સુધી |
| સવારે ૧૧:૧૫ કલાકે | સામૂહિક ક્ષમાપના | **બદલી થયેલ શુભ સ્થળ** |
| સવારે ૧૧:૩૦ કલાકે | પ્રાસંગિક ઉદ્‌બોધન અને બહુમાન | **શ્રી સારસ્વત વાડી, ૨ જે માળે, ઝવેર રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઇ.** |



◈ **સમારંભ પ્રમુખ** ◈

**શ્રી રાજેશ આણંદજી નથુભાઇ ખોના**

(ગંજબાસોદાવાળા)

(M/s. Swastik Agency, RAK Commodities-Mulund)



◈ **અતિથિ વિશેષ** ◈

**શ્રી કુલીનકાંત ખેતશી કાનજી જીવાણી**

(રાયપુરવાળા)

(M/s. Jain Corporation)

◈ **સ્વામિવાત્સલ્યના મુખ્ય દાતાશ્રી પરિવાર** ◈

**માતુશ્રી મલ્યાબાઇ આણંદજી નથુભાઇ ખોના (ગંજબાસોદાવાળા)**

હસ્તે : અ.સૌ. હંસા રાજેશ આણંદજી ખોના-મુલુન્ડ

◈ **સ્વામિવાત્સલ્યના સહયોગી દાતાશ્રી પરિવાર** ◈

**માતુશ્રી લક્ષ્મીબાઇ ખેતશી કાનજી જીવાણી (રાયપુર)**

હસ્તે : અ.સૌ. મંજુલાબેન કુલીનકાંત જીવાણી

અ.સૌ. ભવ્યા અમિત જીવાણી, માસ્ટર મોક્ષ અમિત જીવાણી

એક સદ્‌ગૃહસ્થ જખૌવાસી - મુંબઇ

◈ **સંધ્યાભોજનના મુખ્ય દાતાશ્રી પરિવાર** ◈

**માતુશ્રી લીલાવંતીબેન વિશનજી શામજી સોની (જખૌ)**

હસ્તે : અ.સૌ. વનીતા લહેરચંદ સોની, અ.સૌ. ભાવના ચંદ્રેશ સોની

**માતુશ્રી પ્રેમાબાઇ ખીમજી મુરજી શિયાળ (ડૉંબિવલી)**

હસ્તે : અ.સૌ. લીલાવંતીબેન પ્રવિણ શિયાળ પરિવાર

**માતુશ્રી અરૂણાબેન લક્ષ્મીચંદ ભવાનજી મોમાયા (ડૉંબિવલી)**

હસ્તે : અ.સૌ. સોનલ રાજેશ મોમાયા, અ.સૌ. લીના દિપેશ મોમાયા

◈ **સ્નેહમિલનના સહયોગી દાતાશ્રી પરિવાર** ◈ **ચૌવિહારની વ્યવસ્થા છે.**

| | |
|---|---|
| માતુશ્રી ચંપાબાઇ ઉમરશી હંસરાજ શિયાળ (ધમ્મતરી) હ. ભૂપેન્દ્રભાઇ | શ્રીમતી સરલાબેન વિજય મેઘજી મૈશેરી (બેલ્લારી) હ.: વિજયભાઇ |
| માતુશ્રી નવલબાઇ સોમચંદ ધનજી મુનવર (બેલ્લારી) હ. ચેતન, રાજેશ, ભરત | માતુશ્રી ચંદનબેન સોમચંદ ગોવિંદજી નાગડા (ગોવા) હ.: પિયુષભાઇ |
| માતુશ્રી જયાબાઇ ગોવિંદજી પત્રામલ મૈશેરી (જખૌ) હ. અશોકભાઇ | શ્રી વેલજી શામજી સોની પરિવાર (અંજાર) હ.: નવીનભાઇ |
| માતુશ્રી વાલબાઇ જેઠાભાઇ નરશી લોડાયા (પૂના) હ. દિનેશભાઇ | માતુશ્રી રતનબાઇ ઉમરશી કલ્યાણજી જીવાણી (મુલુંડ) હ. મહેન્દ્રભાઇ |

◈ **સરસ્વતી સન્માન / વિશેષ સન્માન / તપસ્વીઓનું બહુમાન અને શ્રી સંઘ પૂજન લાભ લેનાર ભાગ્યશાળી પરિવાર** ◈

**માતુશ્રી દિવ્યાબેન દામજી લોડાયા તથા માતુશ્રી પુષ્પાબેન પદમશી મોમાયા પરિવાર**

**દાંડિયારાસ, રાસગરબા અને સાંસ્કૃતિક કાર્યક્રમ સહ વિવિધ સ્પર્ધાઓ**

| | |
|---|---|
| બપોરે ૨ થી ૯ કલાકે | બેસ્ટ ડ્રેસ - બેસ્ટ કપલ - ૪ & ૧૨ દાંડિયા બેસ્ટ પ્લેયર - કચ્છી તાંબડી રાંધ - સિનિયર કપલ - મટુકડી રાંધ - ગજીયો |
| | સરસ્વતી સન્માન ૧૦મી અને તેથી વધારે અને વિશેષ સન્માન (વિશેષ સિદ્ધિ પ્રાપ્ત કરેલ) |
| | તપસ્વીઓનું સન્માન ૮ ઉપવાસ અને તેથી વધારે અને વરસીતપના તપસ્વીઓ |

**સાંસ્કૃતિક અને વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેવા માટે સંપર્ક : હરીશ શિયાળ-9702854854**

◈ નિમંત્રક ◈ **શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ જખૌ મહાજન વ્યવસ્થાપક સમિતિ વતી ભરત વેરશી જીવાણી - પ્રમુખ**

# મુલત્વી રહેલ વિશેષ સામાન્ય સભા

તા. ૧૬.૦૯.૨૦૧૬

પ્રતિ,

જખૌ મહાજનના સભ્યો જોગ,

જય જિનેન્દ્ર સાથે જણાવવાનું કે મહાજનશ્રીની મુલત્વી રહેલ વિશેષ સામાન્ય સભા રવિવાર, તા. ૧૬.૧૦.૨૦૧૬, બપોરે ૩:૦૦ કલાકે, શ્રી સારસ્વત વાડી, ઝવેર રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઇ : ૪૦૦૦૮૦ ખાતે ફરી બોલાવવામાં આવેલ છે.

**એજન્ડા**

**૧. મહાજનશ્રીના બંધારણમાં થયેલ સુધારા વધારાને બહાલી આપી નવું બંધારણ અમલમાં લાવવા બાબત.**

**નોંધ** : કોરમના અભાવે મુલત્વી રહેલ સભા અડધા કલાક બાદ એજ સ્થળે મળશે. જે માટે કોરમની જરૂર રહેશે નહી તથા એજન્ડા મુજબ કાર્યવાહી હાથ ધરાશે જેનો નિર્ણય સર્વે સભ્યોને માન્ય રહેશે.

**લિ. શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ જખૌ મહાજન**

**શ્રી કેશરસિંહ આણંદજી ખોના શ્રી નીલેશ (નયન) રમેશ મોમાયા (માનદ્ મંત્રીઓ)**

## પ્રતાપી પૂર્વજો : શેઠશ્રી વેલજી માલુ લોડાયા – કોઠારાવાળા

**રમેશ મુલજી લોડાયા** (ભરૂડિયા-મુલુંડ) મો. 098203 36767

અગાઉના લેખમાં શેઠશ્રી વેલજી માલુ લોડાયા – કોઠારાવાળાની યશોગાથાનું આલેખન કરેલ. આ સંદર્ભે મુરબ્બી શ્રી મહેન્દ્ર દેવજી ખોના પાસેથી સાંપડેલી અને અન્ય નોંધમાંથી મળેલ વિગતો રજુ કરું છું.

હાલમાં જ્યાં મઝગાંવ કોર્ટ છે તે જગ્યા પર વેલજી શેઠનો વિશાળ બંગલો હતો જેમાં ૨૦-૨૫ વિશાળ ઓરડાઓ હતા અને આ બંગલાનો ઉપયોગ પાછળથી કોર્ટ તરીકે તો હતો અને સમયાંતરે આ બંગલો તોડી નાખી બિલ્ડીંગમાં કોર્ટનું સ્થળાંતર થયેલ છે. આ બંગલાને તોડતી વખતે જમીનમાં વિશાળ ભોંયરાઓ નીકળેલ જેના સમાચારો છાપામાં પણ આવેલ. બંગલામાં ઘણી ખુલ્લી જગ્યા હતી જેમાં ફળોના અનેક છાડો અને ફુલવાડી, બગીયાન જગ્યા હતી.

વેલજી શેઠના સમયમાં મ્યુનિસિપાલિટી ન હતી. ગવર્નર એડવાઈઝરી કાઉન્સીલમાં મુંબઈની પાંચ પ્રતિષ્ઠિત વ્યક્તિઓ વહીવટ કરતી જેમાંથી ત્રણ આપણી જ્ઞાતિના હતા. તેમાંના એક શેઠશ્રી વેલજી માલુ હતા. અન્ય જ્ઞાતિના બે મહાનુભાવોમાં જગન્નાથ શંકર શેઠ

મુંબઈ મહાજનની બેઠકમાં અગાઉ પાંચ શેઠિયાઓના તકીયાઓ રાખવામાં આવતા હતા. શેઠશ્રી નરશી નાથા, શેઠશ્રી કેશવજી નાયક, શેઠશ્રી જીવરાજ રતનશી, શેઠશ્રી વેલજી માલુ, શેઠશ્રી ખેતસી ખીંયસી. પાછળથી એક જ તકીયો શેઠશ્રી નરશી નાથાનો રાખવામાં આવતો. ઉપરોક્ત માહિતી શ્રી મહેન્દ્રભાઈએ આપી છે.

અન્ય એક પ્રાચીન નોંધ મુજબ શેઠશ્રી-વેલજી માલુને પાછલી અવસ્થામાં વધ્ધરાવળની બિમારી થઈ. દેહ ટકશે કે કેમ તે અનિશ્ચત લાગતા તેઓએ પોતાનું વીલ બનાવેલું જેમાં એમની મિલકત ૪૦ લાખની અંકાઈ હતી જે આજના જમાનામાં ૪૦૦ કરોડથી ઉપરની ગણાય. ડોક્ટરોએ ઓપરેશન કરેલ અને વધ્ધરાવળની ગાંઠનું વજન ૩૭ રતલ થયું આ ઓપરેશન અંતે જીવલેણ નિવડ્યું. એમના અવસાન પ્રસંગે સ્વજ્ઞાતિના લોકોએ ધંધા બંધ રાખી શોક પાળેલ તેટલું નહીં પરંતુ અન્ય જ્ઞાતિના લોકોએ પણ શેઠશ્રીના માનમાં વ્યાપાર બંધ રાખેલ.

શેઠશ્રીના અવસાન બાદ વેપાર વણજની લગામ એમના પુત્ર ત્રિકમજી શેઠે લીધી પરંતુ એમનામાં પિતા જેવી કુનેહ ન હતી. વહીવટ ત્રિકમજી શેઠના મુનિમ તેજસી ઘેલાના હાથમાં


**શ્રી અચલગચ્છ જૈન સમાજ-મુલુંડ**

શ્રી વાસુપુજ્ય જિનાલય, ઝવેર રોડ, મુલુંડ (વે), મુંબઈ-400080.

**!! શતંમ જીવ શરદઃ !!**

તા.૧૬-૦૯-૨૦૧૬ શુક્રવાર



**ગુરૂ ગુણોદય ૮૫મો જન્મ ઉત્સવ**

સમગ્ર વિશ્વમાં અજોડ અને અદ્વિતીય, મહાન ઉપકારી, ભવોદધિતાક, સમ્યગદર્શન, સમ્યગજ્ઞાન તથા સમ્યગચારિત્ર, ભગવતી પ્રવજ્યા આપી આત્માને મોક્ષમાર્ગે ચઢાવનાર આત્મહિતને પીછાણી જેણે જીવને સાર્થક બનાવ્યું છે. ભવ સારને ભાવ સાગરમાં પલટાવનાર ભૌમિયા સમાન અમારા ગુરૂદેવ તમે ઉપકાર કર્યા અમ સંઘ પર નહીં વિસરાય હરપલ.

**સંઘશિરછત્ર તપસ્વીરત્ન વર્તમાન અચલગચ્છાધિપતિ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી ગુણોદયસાગર સૂરિશ્વરજી મહારાજા સાહેબના ૮૫મા જન્મદિવસે શ્રી અચલગચ્છ જૈન સમાજ-મુલુંડ કરે ગુરૂચરણે કોટી કોટી વંદના...**

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સર્વોદય મંડળ

Regd. Off. : 403, Pratap Palace, J. N. Road, Mulund (W), Mumbai 400 080.
Email : shreekdojainsarvodayamandal@gmail.com
Admin. off.: Shri Virji Jivraj Mepani Hall, Dev Punj, Kasturba Road, Mulund (W), Mumbai - 400 080.

આ યોજના અંતર્ગત મુંબઇ માં રહેતા (કોલાબા થી દહિસર / વી. ટી. થી થાણા) અને ડોંબિવલી* માં રહેતા દરેક કે. ડી. ઓ. જ્ઞાતિજનો ને દવાની ખરીદી પર વિશેષ છૂટ HealthSaverz ના સહકારથી આપવામાં આવશે

## આ યોજના મુજબ

- આપને પહેલી બે વખત દવાની ખરીદી પર 25% ની છૂટ આપવામાં આવશે (25% OFF)
- ત્યાર બાદની દરેક ખરીદી પર 20% છૂટ આપવામાં આવશે (20% OFF)
- આ દવાઓ તમારા ઘરે મફત પહોંચાડવામાં આવશે (FREE)

### આ માટે જરૂરી :

- આપને HealthSaverz ની હેલ્પલાઇને 022-61691584 પર મિસ્ડ કોલ આપવાનો રહેશે
- ત્યારબાદ HealthSaverz તમને કોલ કરશે અને તમારે નામ, વસ્તી પત્રક કુટુંબ નંબર અને તમારા એડ્રેસ ની વિગત આપવાની રહેશે
- આ ખરીદી ઓછામાં ઓછી Rs. 750 ની હોવી જરૂરી છે
- જોઇતી દવા માટે ડોક્ટરનું (દવા નું કાગળ ) ઓરિજિનલ પ્રીસ્ક્રિપ્શન જરૂરી છે, જે તમારા ઘરેથી લઇ જવામાં આવશે અને દવાઓ સાથે પાછું આપવામાં આવશે
- માત્ર MBBS, MD, MS, BBS, BAMS, MSG ડોક્ટરનું Latest Original પ્રિસ્ક્રિપ્શન સ્વીકારવામાં આવશે
- આ ઓફર ની તુલના અન્ય કોઇ ઓફર સાથે કરવી નહિ, કારણ કે બીજી ઓફર અન્ય ટ્રસ્ટ દ્વારા પ્રાયોજિત હોઇ શકે છે

* ડોંબિવલી નાં જ્ઞાતિજનો માટે આ સેવા દર મંગળવારે ડૉક્ટર ના પ્રીસ્ક્રિપ્શન પીક-અપ કરવામાં આવશે અને શનિવારે દવાની ડિલિવરી તમારા ઘરે પોહ્ચાડવામાં આવશે




**આ ઉપરાંત HealthSaverz ના અન્ય સહયોગી સભ્યો તરફથી પણ એમની સર્વિસ પર વિશેષ છૂટ આપવામાં આવશે**

દરેક ને HealthSaverz ની મોબાઈલ એપ ગૂગલ પ્લે સ્ટોર / I-Tunes પરથી ડાઉનલોડ કરવા વિનંતી. આ એપ દ્વારા તમે વખતો વખત વધારાની યોજનાની જાણકારી મેળવી શકશો.

Download on the App Store | ANDROID APP ON Google play

**MISSED CALL ON 022-61691584**

HealthSaverz ના નિતી નિયમ મુજબ* (T&C Apply*)

વધુ વિગત માટે લખો: care@healthsaverz.com or વિઝિટ www.healthsaverz.com

**સંપર્ક : ગુલાબ કલ્યાણજી મૈશેરી - 9833609098 / ભરત મુલજી મૈશેરી - 9820058048**

હતો અને ત્રિકમજી શેઠના મુનિમના ભરોસે જ વેપાર ચાલતો. વેલજી શેઠે ખૂબજ મહેનત અને પુણ્યે એકત્રિત કરેલ સંપતિનો ઉપયોગ ત્રિકમજી શેઠ એશ આરામ અને અમન ચમનમાં કરવા લાગ્યા. તેઓ ખૂબ જ દિલાવર દિલના હતા. તેઓએ સારી કેળવણી લીધેલ અને સ્વભાવે ખૂબ જ સારા હતા પરંતુ સારી સોબત ન મળવાથી એમની જીંદગીનો કરૂણ અંત આવ્યો. તેઓને પાછલી જીંદગીમાં તેનો ખૂબ જ પસ્તાવો રહ્યા કરતો.

રૂઉનો વેપાર સવંત ૧૯૨૧ (ઈ.સ. ૧૮૬૫) પછી દિન પ્રતિદિન બગળતો ચાલ્યો. વેલજી શેઠના સમયનાં જુના નોકરો છુટા પડી ગયા કે પાડી નાખવામાં આવ્યા અને નવા એટલા વફાદાર ન હતા. દર વરસે લાખો રૂપિયાની ખોટ આવવા લાગી. લંડનમાં મોટા ખરચે પેઢી ખોલી પણ તે બોજારૂપ બની અને સવંત ૧૯૨૪માં ધંધો બંધ થયો. હિંમત કરી, લેણદારો સાથે પતાવટ કરી સવંત ૧૯૨૪માં વ્યાપાર ફરી શરૂ કર્યો અને શા. આશારીયા મુલજીને મુનિમગિરી આપી પણ નાણાની છુટ વગર વેપાર ચાલ્યો નહિ અને સંવત ૧૯૩૩માં ત્રિકમજી શેઠ અવસાન પામ્યા આ વિગત ૯૪ વરસ કોઈ અજ્ઞાત વ્યક્તિએ લખેલી નોંધ પરથી સાંપડી છે જે કોઠારાના શ્રી મુરજી નરશી લોડાયા પાસેથી પ્રાપ્ત થઈ છે.

આ નોંધમાં શેઠશ્રી નરશી નાથા, શેઠશ્રી કેશવજી નાયક શેઠશ્રી જીવરાજ રતનશી, શેઠશ્રી વેલજી માલુ અને શેઠશ્રી શીવજી નેણસીના સમય બાદ જ્ઞાતિમાં થયેલ ત્રણ પ્રસિધ્ધ પુરુષોના જીવન પર પ્રકાશ પાડેલ છે. આ નોંધ લખનારે ક્યાં પણ પોતાનું નામ નથી લખ્યું તેથી તેના નામનો ઉલ્લેખ શક્ય નથી. આવો સવંત ૧૯૭૪ (ઈ.સ. ૧૯૧૮)માં નોંધેલી આ નોંધ એમનાજ શબ્દોમાં માણીએ.

''કહેવત છે જે'' બહુ રત્નાની વશુંધરા ''તેમજ શ્રી સંઘ છે તે પણ રત્નની ખાણ છે. અનેક મહા પુરુષો, શુરા, વીરા અને ધીરા આ દુનિયામાં જન્મે છે ત્રેસઠશિલાકાં પુરુષો પણ એજ શ્રી સંઘમાં જનમ્યા હતા તેમજ આપણી જ્ઞાતિમાં હાલમાં મનાતા મારા દેખતાં દેખતાં જ્ઞાતિ શુભેચ્છક શેઠ ભારમલ તેજસિંહ જેવા દાનેશ્વરી, શેઠ ભીમસી રતનશીંહ જેવા ધર્મરાગી, સિધ્ધાંત જાણ, ડાહયા અને ચતુર, શેઠ વેલજી માલુ જેવા નિરપજા અને ન્યાયી, શેઠ કેશવજી નાયક જેવા હિંમતવાન અને શુરા ઈત્યાદિ કૈક પુન્યવાન અને બુધ્ધિમાન પુરુષો થઈ ગયા પણ રત્નત્રયની પટે આપણી ન્યાતમાંથી નીચે લખેલા ત્રણ પુરુષોને જ હું તો ખરેખરા રત્ન પુરુષો માનું છું.

પ્રથમ રત્ન પુરુષ શા. આણંદ માલુ ઉપર કહેલા ત્રણ રત્ન પુરુષોમાં સહુથી ચડતે દરજ્જે હું આણંદ માલુને માનું છું. એ મહા પુરુષના આજના વખત પ્રમાણે શાસ્ત્રોમાં વર્ણવેલ ચોથા આરાના શ્રાવકોનો એક નમુનો થઈ ગયો છે. હું (અજ્ઞાત

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન અભ્યુદય ટ્રસ્ટ** (સંચાલિત)
**માતુશ્રી મોંઘીમા નાગશી જીવરાજ દેવાણી કન્યાછાત્રાલય** (જામનગર)

## ગૃહમાતા જોઇએ છે

જામનગર શહેરમાં પ્રતિભાવંત સક્રિય પ્રવૃત જ્ઞાતિના ઉપરોક્ત કન્યાછાત્રાલય માટે પૂર્ણ સમય માટે ગૃહમાતા જોઇએ છે.

શિક્ષણ સાથે સંસ્કાર આપતી કન્યા કેળવણી સંસ્થામાં રસ ધરાવનાર સેવાભાવી જ્ઞાતિ મહિલા માટે આવકાર્ય તક.

શૈક્ષણિક લાયકાત, વય, અનુભવ સહીત સંબંધિત વિગતો સ્વહસ્તાક્ષરમાં અરજી સાથે ફોટો મુંબઇ કાર્યાલયના નીચેના સરનામા પર મોકલવવા નમ્ર વિનંતી.

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન અભ્યુદય ટ્રસ્ટ**
C/o. અશોક દંડ, ખુશ્બુ ડાયકેમ પ્રા. લિ., ગાલા નં.૯૯, ન્યુ યુનિક ઇન્ડસ્ટ્રીયલ ઇસ્ટેટ, આર. પી. રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઇ – ૮૦. : Tel. : ૨૫૯૨ ૫૦૨૦

**નોંધ : ફક્ત ગૃહમાતા માટેજ રહેવાની સગવડ આપવામાં આવશે.**

**ધન્ય તમારી તપશ્ચર્યા સ્વીકારો અમારી અનુમોદના**

**૧૬ ઉપવાસ**

હર્ષ નિખીલ રતિલાલ ખોના (નલિયા – માટુંગા)

**૮ ઉપવાસ**

રોહન નિખીલ રતિલાલ ખોના (નલિયા – માટુંગા)
અ.સૌ. ભવ્યા ધર્મેશ હંસરાજ મોમાયા (મુલુંડ – સુથરી)
ચિ. હિતાંશ ધર્મેશ હંસરાજ મોમાયા (મુલુંડ – સુથરી)

**સર્વે સંઘોને તેમની તપસ્વી યાદી અને પર્યુષણ સમાચાર જલ્દી મોકલવા વિનંતી.**


**આયરીસ બેંકવેટ** એ.સી. હૉલ
**Iris** Banquette

Ideal For :
- ENGAGEMENT
- WEDDING
- BABY SHOWER
- CONFERENCE
- GET TOGETHER
- MEETING - SEMINAR &
- ALL JOYOUS OCCASION

- સગપણ વિધિ
- લગ્નોત્સવ
- શ્રીમંત પ્રસંગ
- કોન્ફરન્સ
- ગેટટુગેધર
- મિટીંગ – સેમિનાર

બધા શુભપ્રસંગો માટે આદર્શ

**Contact: Arvind Dand (Bayath) - 9892036390**
**Jayesh Dagha (Varadiya)-9702144031 / 25905257 / 67988758**
Add.: Purshottam Kheraj Estate, Dr. Rajendra Prasad Road, Near Gyan Sarita School, Mulund (W), Mumbai - 80.

આપના શુભ પ્રસંગની બધી વ્યવસ્થા આત્મીયતાભાવે સોંપી જવાબદારી મુક્ત થઈ પ્રસંગ માણો

લેખક) સવંત ૧૯૦૯ની સાલે મુંબઈમાં આવ્યો ત્યારે એમની વય ૫૦-૫૫ વરસની હતી. શરીરે આઠ ફૂટ ઉંચા અને ૩ાા ફુટ પહોળા હતા. એઓ મહા ધર્મ દઢ પુરુષ હતા. વરસમાં ૭૫ પોષા કરતા હતા તે કેવાકે ચોદશને દહાડે સવારનું પ્રતિક્રમણ કરીને પોષો ઠાવતા તે એકમના દિવસે ઉઠતા એવી રીતે ૪૮ કલાક દઢ પણ ચડતે ભાવે રહેતા. ઘણી ખરી આખી રાત્રી કાયોત્સર્ગપણે ઉભા રહેતા. કદાચ બે ચાર જણા મળીને તેઓને ઉપદ્રવરૂપે કાર્યોત્સર્ગમાં ખલેલ પાડવા ચાહે તો ન જ પાડી શકે તેવા એઓ બલવાન પુરુષ હતા. પુખ્ત ઉમરનાં બે માણસોને બે બગલમાં નાખી કોશ બે કોશ ચાલ્યા જાય તેવા બળવાન હતા. વૃત ન હોય તે દહાડે એક વખત આહાર લેતા પણ ખોરાકી એટલી હતી કે ૧૦ માણસો વાસ્તે કરી રાખેલ રસોઈ કામ પડે સ્વાહા કરી જતા. થાળીમાં આવેલ કોકમ, મરચા યા ગમે તેવી કડવી ચીજ પણ એઠી નહીં મુકવાનો નિયમ હતો.

રૂઉની દલાલી કરતા અને પગમાં જોડા સુધ્ધાં પહેરવાના સોગંદ હતા. હંમેશા દેવપુજા કરી ૧૧ વાગ્યા સુધી જિનાલયમાં રહેતા. ૧૨ વાગે જમી જુઠીને બે વાગે અણવાણે પગે ચાલતા કુલાબા આવતા. વૈશાખ જેઠ મહિને કોલાબાની રેતી ધગધગતી લોહા જેવી ગરમ થતી હતી તેમાં અણવાણે પગે જ ફરતા. સત્ત્વવાદીના લીધે અન્ય જ્ઞાતિવાલા સુધ્ધા તેઓનું ઘણું જ માન રાખતા હતા. તેમાં શેઠ ઘેલાભાઈ પદમશી એમને ઘણું સારુ ચાહતા હતા. તેથી તેઓ દર વરસે બે-ત્રણ હજાર રૂા. પેદા કરતા હતા. ઘરમાં રોટલે તેમજ કુટુંબ કબીલે સુખી હતા. બે અઢી કલાક ઉદ્યમ કરીને પાછા પાંચ છ વાગે જિનાલયમાં હાજર થતાં. એવી સંતોષવૃતિએ ચાલતા પુર્વે કર્મના યોગે સવંત ૧૯૧૯માં બેઉ પગોની ઘુંટીઓમાં કોઈ મહા અસાધ્ય રોગ પેદા થયેલ તેની દવાઈ સુધાં નહીં કરવાથી દિન પ્રતિદિન રોગ વધતો ગયો તેથી સ્વદેશ ગામ કચ્છ કોઠારે ગયા અને બેઉ ઘુટીઓમાં અસંખ્ય કીડા પેદા થયા ત્યારે તે કીડાઓનાં પાલણ પોષણ સારું દરરોજ શેર બે શેર માખણ પગો પર ચોપડીને ઉપર હલકે હાથે કપડો બાંધી દેતા અને કદાચ કોઈ કીડો નીચે પડી જતો તો તેને હળવે હાથે ઉપાડી પાછો પોતાની ઘુટીઓમાં રાખી દેતા ! જુઓ શ્રાવકપણાની દયા અને ધીરજ! આવી અસાધ્ય વેદના સહન કરી પંડિત મરણે સંવંત ૧૯૧૯ના વૈશાખ યા જેઠ મહિને પરલોકવાસી થયા. તેઓના પુત્રો શા. જેઠા આણંદ અને ત્રીકમ આણંદ હજુ હૈયાત છે કે જેઓ પણ સુગુણ છે. આ બયાન એમને પ્રત્યક્ષ જોનારાએ લખ્યું છે તેથી સત્ય છે.

આવો અમુલ્ય ઈતિહાસ મુરબ્બીશ્રી મુરજી નરશી લોડાયાએ વહીમાંથી મેળવેલ છે. આપણી ઈતિહાસ તરફે બેદરકારી છતી કરે છે. કાળનાં ગર્ભમાં આવો કેટલો ઈતિહાસ ગરકાવ થઈ ગયો હશે. હજુ પણ જે રહ્યું સહ્યું બચ્યું છે તેને મેળવવાનો અને જાળવવાનો જ્ઞાતિ લેવલે પ્રયાસ થાય તે ઇચ્છનીય છે. (શેઠ આણંદ માલુ લોડાયા અંગે જેમની પાસે માહિતી હોય તેઓને મોકલવા નમ્ર વિનંતી.

આ લેખમાં તેઓ કોઠારાના હતા તેવી માહિતી મળે છે. અન્ય નોંધોમાં એ જ અરસામાં આણંદ માલુ નામની વ્યક્તિ મોટી ખાવડી ગામે હતા. તેઓ એક જ હતા કે કેમ અને કોઠારાથી હાલારમાં આવ્યા હોય તે સંભળી શકે છે. સવંત ૧૯૦૦ના પુર્નલગ્ન બંધી માટે હાલાર નાતના આગેવાનોએ ઠરાવ કરેલ તેમાં હાલારનાં પાંચ આગેવાનોની સહીઓમાં આણંદ માલુનું નામ સાંપડે છે.) - ક્રમશઃ


રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે
Since 1984...
**Lagna Deep**

બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229


**શ્રી હંસ ભવાનજી અરજણ ખીમજી**
(તેરા - માટુંગા)નું નવું સરનામું

**ગૌતમ નિવાસ, ફ્લેટ નં. ૯,**
રજે માળે, કપોળ નિવાસની સામે,
**૫૪૮ ડૉ. બાબાસાહેબ આંબેડકર રોડ,**
માટુંગા (સેન્ટ્રલ રેલ્વે), મુંબઈ - ૪૦૦ ૦૧૯.
**મો.નં.: 098200 35118**

CHANGED ADDRESS OF
**MR. HANS BHAVANJI A. KHIMJI**
(TERA - MANTUNGA)

**GAUTAM NIWAS, FLAT NO. 9,**
2nd FLOOR, OPP. KAPOL NIWAS,
**548 DR. BABASAHEB AMBEDKAR RD.,**
MATUNGA (C.RLY.), MUMBAI - 400019.
**MOBILE : 9820035118**

# પ્રાચીન અને પ્રભાવક શ્રી અજાહરા તીર્થ

થોડા સમય પહેલાં સૌરાષ્ટ્ર જવાનું થતાં ઊના પાસેના પ્રાચીન જૈન તીર્થ અજાહરાની યાત્રાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. સૌરાષ્ટ્રના એક છેડે આવેલા આ પ્રાચીન પ્રભાવક તીર્થની પ્રસિદ્ધિ જોઈએ એટલી થઈ નથી. તો પણ આ તીર્થમાં એક વાર આવનાર વ્યક્તિને અહીં વારંવાર આવવાનું મન થાય એવું અલૌકિક વાતાવરણ આ તીર્થભૂમિમાં પ્રસરેલું છે.

ઊના શહેરથી માત્ર ત્રણ કિલોમીટરના અંતરે આવેલા આ પ્રાચીન જૈન તીર્થ કલાપ્રેમીઓના ચિત્તને આકર્ષે છે તો ભાવિકોના હૃદયમાં પરમાત્મભક્તિનો આહ્લાદ જગાવે છે. આ તીર્થના મૂળનાયક તરીકે શ્રી અજહરા પાર્શ્વનાથ ભગવાન બિરાજમાન છે. શ્રી અજાહરા પાર્શ્વનાથ પ્રભુનું વેળુનું બનાવેલું. પ્રાચીન જિનબિંબ અત્યંત મનોહર અને પ્રભાવશાળી જણાય છે. આ અદ્ભુત પ્રતિમાના માથે ભૂમંડળ આગળ સર્પફણા વિકુર્વી છત્ર શોભી રહ્યું છે. મૂર્તિની ઊંચાઈ લગભગ ત્રણ ફુટની છે. આ તીર્થનું ભવ્ય શિખરબંધી મંદિર શિલ્પ-સ્થાપત્યના ઈતિહાસમાં અજોડ ગણાય છે. આ જિનમંદિરનો મૂળ ગભારો, રંગમંડપ અને શિખરની રચના અતિ મનમોહક છે.



અજાહરા તીર્થ એક સમયે ઘણી મોટી નગરી હતી. આ નગરીની ઉત્પત્તિ વિશે એવી દંતકથા પ્રચલિત છે કે અતિ પ્રાચીનકાળમાં રઘુકુળના મહારાજા અજયપાલને અનેક રોગોએ ઘેરી લેતાં એનું નિવારણ સમુદ્રમાંથી પ્રગટ થયેલા શ્રી પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિના નહવણજળથી થયું હતું. એ ઉપકારવશ રાજાએ આ સ્થળે અજયનગર નામની નગરી વસાવી એમાં એક વિશાળ જિનપ્રસાદ નિર્માણ કરાવી એમાં આ ચમત્કારિત પ્રતિમા પ્રતિષ્ઠિત કરાવી હતી. સમય જતાં આ નગરી અજાહરા તરીકે અને આ જિનમંદિરના મૂળનાયક શ્રી અજાહરા પાર્શ્વનાથ તરીકે ઓળખાવા લાગ્યા હતા. અજલપાલ રાજા ૨૦મા તીર્થંકર શ્રી મુનિસુવ્રતસ્વામીના સમયમાં થયા હતા અને અજાહરા પાર્શ્વનાથ પ્રતિમા તેમના સમયમાં સમુદ્રમાંથી પ્રગટ થઈ હતી. આ નગરીની એક વખત બહુ મોટી વસ્તી અને ખૂબ જાહોજલાલી હતી એવા ઉલ્લેખો મળે છે, પરંતુ કાલવશાત્ આ મહાનગરીની વસ્તી એકદમ ઘટી જતાં એ એક નાનકડા ગામમાં રૂપાંતર પામી છે. એમાંય અત્યારે તો અહીં જૈનોનું એક પણ ઘર મોજૂદ નથી. આ નગરીમાં જ્યાં-જ્યાં ખોદકામ થાય છે ત્યાં ત્યાં પ્રાચીન પ્રતિમાઓ અને પુરાતન અવશેષો નીકળે છે. અહીં ૧૫૦ જેટલી પ્રાચીન વાવ પણ હોવાનું કહેવાય છે. આ તીર્થના મંદિરની પાસે એક ભોંયરું છે એમાંથી પણ અનેક મૂર્તિઓ મળી આવી છે. આ બધાં પ્રમાણો પરથી આ નગરી પ્રાચીનકાળની હોવાની પ્રતીતિ થાય છે.

અહીંના મૂળનાયક ભગવાનના ગભારામાં બન્ને બાજુ પરમાત્માની કાઉસગ્ગીયા મૂર્તિ છે. એ આ ગામના અજયપાલ ચોરાની જગ્યામાંથી ખોદકામ કરતા મળી આવી છે. એના પર સં. ૧૩૨૩ના જેઠ સુદી ૮ ને ગુરુવારે શ્રી ઉદયપ્રભસૂરિ પાટે થયેલા શ્રી મહેન્દ્રસૂરિએ પ્રતિષ્ઠિત કરી છે એવો લેખ છે. વળી આ પ્રાચીન ભૂમિમાં એકસાથે બાવીસ મૂર્તિ પણ ખોદકામ કરતા મળી આવી હતી. એમાં એક શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિ પણ છે. એના પરિકર નીચે નવગ્રહ અને યક્ષ-યક્ષિણીની મૂર્તિ કોતરેલી છે. એના નીચે સં. ૧૩૪૩ મહા વદી બીજ ને શનિવારે પ્રતિષ્ઠા કર્યાનો લેખ મોજૂદ છે. અહીં બે પ્રાચીન ઘંટ રાખવામાં આવ્યા છે. એમાંથી ૩૫


ચાલો જહેમતે જાળવીએ આગવું દશાઈ કૌવત, આગવું દશાઈ ગૌરવ

ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)

મો. 098225 30391 મો. 088057 55551

યુ. કે. ખીમજી એન્ડ કાં. હળદર - જનરલ વ્યાપારી

વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.



કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય

જ્યોતિ

સિલ્ક સાડી એમ્પોરીયમ

Sachi Jari maate real nam

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,

માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.

Tel.: 2404 3995 / 93222 58574 રવિવારે બંધ

Originally at Zaveri Bazar since 1976

રતલના એક ઘંટ પર શ્રી અજાહરા પાર્શ્વનાથ સં. ૧૦૩૪ શા. રાયચંદ જેચંદ એવા અક્ષરો કોતરાયેલા જોવા મળે છે. બીજા ઘંટ પર સં. ૧૬૬૨નો લેખ છે. આ બધી પ્રાચીન મૂર્તિઓ અને ઘંટ વગેરે આ તીર્થમંદિરમાં પધરાવેલાં છે. આ જિનમંદિરની જમણી બાજુ એક છત્રકાર ગભારો છે. એની પાસે રાયણ વૃક્ષની રચના કરેલી જોવા મળે છે. આ બન્ને વચ્ચે આપેલા સ્તૂપ પર સં. ૧૬૭૮ના ફાગણ સુદ ૯ ને શનિવારનો લેખ જોવા મળે છે. આ જિનમંદિરની ચારે દિશાઓમાં અને ખૂણાઓમાં શ્રી આનંદવિમલસૂરિ, વિજયદાનસૂરિ, શ્રી હરિવિજયસૂરિ, શ્રી વિજયસેનસૂરિ, શ્રી મોહનમુનિ, શ્રી તત્ત્વકુશળ મુનિ અને ઉપાધ્યક્ષ શ્રી વિદ્યાસાગરજી મહારાજની ચરણપાદુકા પ્રતિષ્ઠિત કરેલી છે.

આ પ્રાચીન તીર્થના પરમાત્માની પ્રક્ષાલ કરેલ નહવણજળ ખૂબ ઉપકારક છે. એનાથી અનેક લોકોના રોગો નષ્ટ પામ્યા હોવાનું કહેવાય છે. આ ઉપરાંત આ ગામમાં અજયપાલ નામનાં વૃક્ષો છે. એનાં પાંદડાં કદી કરમાતાં નથી અને આ પાંદડાંના સેવનથી અનેક લોકોના રોગો મટી ગયાનું કહેવાય છે. આ તીર્થના જિનમંદિરમાં ઘણી ચમત્કારિક ઘટના બને છે. કેટલીક વાર રાત્રે દેવદુંદુભિ અને દેવો દ્વારા નાટારંભ થાય છે એમ અહીંના લોકોનું કહેવું છે. આ તીર્થને રક્ષક શ્રી ધરણેન્દ્રદેવ સર્પના રૂપમાં શ્રી અજાહરા પાર્શ્વનાથ દાદાના ગભારામાં ઘણી વાર પધારે છે અને કલાકો સુધી તેઓ દાદાના ધ્યાનમાં લીન બની જાય છે. ઘણાબધા લોકોએ સ્વયં આ દૃશ્ય જોયું છે એમ અહીંના લોકો કહે છે. આ તીર્થમાં કાર્તિકી પૂર્ણિમા, ચૈત્રી પૂર્ણિમા, પોષ દશમી જેવા પર્વપ્રસંગે મોટા મેળા ભરાય છે એમાં હજારો લોકો ઊમટે છે.

અકબર બાદશાહને પ્રતિબોધનારા જગતગુરુ શ્રી હીરવિજયસૂરિ સં. ૧૬૫૨માં ભાદરવા સુદ-૧૧ના દિવસે ઊના શહેરમાં કાળધર્મ પામ્યા હતા. અકબર બાદશાહે જગતગુરુની સ્મૃતિમાં ૧૦૦ વીઘા જમીન એ સમયે શ્રી ઊના જૈન સંઘને ભેટ આપી હતી. જ્યાં તેમના અગ્નિસંસ્કાર કરવામાં આવ્યા હતા. આ જગ્યા શાહબાગ તરીકે ઓળખાય છે. અત્યારે માત્ર ૭૬ વીઘા જેટલી જમીન જ ઊના સંઘના કબજામાં છે. આ જગ્યા પર એક વિશાળ છત્રીમાં જગતગુરુના ચરણપાદુકાની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. જગતગુરુના પટ્ટધર વિજયસેનસૂરિ, દેવસૂરિ આદિ બાર સૂરીશ્વરોની ચરણપાદુકાની પણ અહીં સ્થાપના કરવામાં આવી છે. આ સ્થળ ઊના અને અજાહરા તીર્થની વચ્ચે મચ્છુન્દ્રી નદીના કિનારે, હજારો આંબા અને નારિયેળીનાં વૃક્ષો વચ્ચે આવેલું છે. જગતગુરુના આ ભૂમિસ્થળનો ભારે મહિમા છે. શ્રી હીરવિજયસૂરિના અગ્નિસંસ્કાર વેળાએ આ સ્થળે અકાળે આંબા પાક્યા હતા અને આંબાનાં વૃક્ષો પર કેરીઓ આવી હતી. અજાહરા તીર્થની યાત્રાએ આવનાર યાત્રિકોએ જગતગુરુના અંતિમ સંસ્કારની ભૂમિની પણ સ્પર્શના કરવાનો અમૂલ્ય લાભ લેવો જોઈએ.

અજાહરા તીર્થનો વહીવટ શ્રી ઊના જૈન સંઘ કરે છે. આ તીર્થમાં રહેવા માટે આધુનિક સુવિધાયુક્ત ધર્મશાળા છે. ભોજન માટે સુંદર ભોજનાલયની વ્યવસ્થા છે. યાત્રિકોને ભાતાનો લાભ પણ આપવામાં આવે છે. આ તીર્થ અમદાવાદથી ૩૮૫, શંખેશ્વરથી ૩૬૦, રાજકોટથી ૨૨૮, જૂનાગઢથી ૧૭૩, ભાવનગર ૧૮૫, પાલિતાણાથી ૧૪૩, મહુવાથી ૯૦, સાવરકુંડલીથી ૯૦ અને વેરાવળથી ૮૦ કિલોમીટરના અંતરે આવેલું છે. ગુજરાતનાં મોટા ભાગનાં સ્થળોએથી આ તીર્થમાં પહોંચવા માટે ઊનાની સીધી એસ.ટી. બસસેવા મળી શકે છે. આ ઉપરાંત જૂનાગઢ, વેરાવળ વગેરે સ્થળોએથી રેલમાર્ગે ઊના આવી અજાહરા તીર્થમાં પહોંચી શકાય છે.

**– ચીમનલાલ કલાધર**

**સંસ્થા સમાચાર મોકલનારાઓ ધ્યાન રાખો : સંસ્થા સમાચાર શક્ય એટલા ટૂંકા મોકલવાની સૂચના આપ્યા છતાં ઘણા બહૂજ લાંબી વિગતોવાળા સમાચાર મોકલે છે, પ્રકાશ સમીક્ષાની દાયકાઓની પ્રણાલિકા પ્રમાણે વિગતવાર નામો, ઉછામણી, સંઘપૂજન, પ્રભાવના જેવી વિગતો સમાચારમાં પ્રગટ થતી નથી. ઉપરોક્ત વિગતો પ્રગટ કરવા તે માટેનું યોગ્ય માધ્યમ જાહેરાત છે સમાચાર વિભાગ નહીં. વળી કાર્યક્રમની શરૂઆતમાં નવકાર મંત્ર પઠન થયું, પ્રાર્થના થઈ, નૃત્ય રજુ થયું કે કયા મહાનુભાવોએ દિપ પ્રાગટ્ય કર્યું, કયા કાર્યક્રમમાં શાની પ્રભાવના થઈ કે સંઘપૂજન કેટલું થયું, કેવો નાસ્તો કે જમણ લઈને છૂટા પડ્યા, કયા કયા મહાનુભાવો પધારીને પ્રસંગની શોભા વધારી એવી ઔપચારિકતાની વિગતોને બદલે કાર્યક્રમની મુખ્ય વિગતો જ મોકલવી.**


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

૮૫મા જન્મદિન નિમિત્તે

૫૦ વર્ષથી સળંગ વર્ષીતપ આરાધક તપસ્વી સમ્રાટ અચલગચ્છાધિપતિ આ.ભ. ગુણોદયસાગરસૂરીશ્વરજીને કોટી કોટી વંદન.
– ચીમન મોતા *તન-મન પરિવાર*

શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI Continental
MADHUBAN - JHARKHAND

# ભૂખ જગાડવા જેમણે જલજીરા પીવું પડે છે, એમને ખબર નથી હોતી કે ભૂખ શું ચીજ છે!



માનસશાસ્ત્રીય ડૉ. પરેશ ડી. લાકડાવાળાને એમના મહાન અર્થશાસ્ત્રી પિતા પ્રો. ડી.ટી. લાકડાવાળાનો આ કિસ્સો ખબર નહીં હોય. આ એ જમાનાની વાત છે જ્યારે પ્રોફેસર લાકડાવાળા બોમ્બે યુનિવર્સિટી સાથે સંકળાયેલા હતા અને ચર્ચગેટ બી રોડ પર સિડનહેમ કોલેજની સામે આવેલી ગવર્નમેન્ટ બોયઝ હૉસ્ટેલના રેક્ટર પણ હતા. હૉસ્ટેલના ગૃહપતિ તરીકે યુવાન કોલેજિયનોને શિસ્તમાં રાખવાની એમની ફરજ હતી. એક સવારે હૉસ્ટેલની મેસમાં બનાવ બન્યો. સવારના નાસ્તાનો સમય હતો. એક રૂપિયામાં કોઈ શાકાહારી વાનગી વત્તા એક કેળું, બ્રેડબટર અને ચાનો ફુલ બ્રેકફાસ્ટ મળી જતો. હૉસ્ટેલનો એક વિદ્યાર્થી બહારગામથી બે દિવસની મુસાફરી કરીને થાક્યો પાક્યો રાતે રૂમ પર આવ્યો અને ભૂખ્યા પેટે જ સૂઈ ગયો. સવારે ઊઠીને સખત ભૂખ લાગી. ખિસ્સામાં એકે પૈસો નહોતો અને મેસની કૂપન પણ વપરાઈ ચૂકી હતી. દોસ્તારોમાંથી કોઈ ઊઠ્યું નહોતું. વિદ્યાર્થીએ નીચે આવીને બ્રેકફાસ્ટની એક ડિશ માગી અને રસોઈયાને કહ્યું કે કલાકમાં તને પૈસા કે કૂપનનો બંદોબસ્ત કરી આપીશ. પેલો કહે ઉધારી આપવાનું બંધ કર્યું છે. વિદ્યાર્થી કહે, કલાકનો તો સવાલ છે. ના નહીં મળે. હું વર્ષોથી અહીં જમું છું. આજે જ કેમ આવું ? બસ, નિયમ એટલે નિયમ. વિદ્યાર્થીએ બે-ત્રણ વાર વિનંતી કરી જોઈ. સામેના કાઉન્ટર પર બ્રેકફાસ્ટની પચાસ ડિશ ભરીને તૈયાર હતી. મેસવાળો એક ડિશ આપી દે તો કશું જ બગડી જવાનું નહોતું. વહેલા મોડા પૈસા તો મળવા જ હતા. બે દિવસના થાક, ઉજાગરા અને ભૂખથી વિદ્યાર્થીનો પિત્તો ઉછળ્યો અને એણે સવારના પહોરમાં મનોમન બે દાંત વચ્ચે એક મોટી ગાળ કચકચાવીને આખું કાઉન્ટર ઊંધું વાળી પચાસે પચાસ બ્રેકફાસ્ટ પ્લેટ્સનો કચ્ચરઘાણ વાળી નાખ્યો અને ક્રોધથી ફુંફાડા મારતો ત્યાં જ ઊભો રહ્યો. હૉસ્ટેલમાં હોહા મચી ગઈ, દોસ્તો દોડી આવ્યા અને સમજાવીને રૂમ પર લઈ ગયા. કેન્ટીનવાળાએ ગૃહપતિ પ્રો. લાકડાવાળાને લેખિત ફરિયાદ કરીને વિદ્યાર્થી સામે કડકમાં કડક પગલાં લેવાનું કહ્યું. સાંજે લાકડાવાળાની નોટિસ મળી. હૉસ્ટેલના વિદ્યાર્થીઓ ફફડ્યા. હવે આનું આવી બન્યું. રેક્ટર એને રસ્ટિકેટ કરશે. ‘યસ સર’, વિદ્યાર્થી લાકડાવાળા પાસે જઈને ખુમારીથી ઊભો રહ્યો અને આંખમાં આંખ મિલાવી વિવેકપૂર્વક બોલ્યો. લાકડાવાળાએ ફરિયાદ દેખાડીને પૂછ્યું, ‘આ ફરિયાદ સાચી છે ?’ ‘હા, જી’ ‘હવે મારે તમારી વિરુધ્ધ શું પગલાં લેવા ?’ ‘આપને જે વાજબી લાગે એ સજા કરી શકો છો, સર’. વિદ્યાર્થી નતમસ્તકે

*એ નથી કશે બહાર, શોધી કાઢ,*
*અંતરે વસ્યો ઉદાર, શોધી કાઢ!*

બોલ્યો. લાકડાવાળાસાહેબ ઊભા થયા, એનો ખભો પકડ્યો અને ક્ષણિક મૌન પછી બોલ્યા, 'માય બૉય, મને ખબર છે કે ભૂખ શી ચીજ છે. યુ આર એ બ્રિલિયન્ટ સ્ટુડન્ટ. તારી કારકિર્દી મારે રોળી નાખવી નથી. જા, તારે માફી લખી આપવાની પણ જરૂર નથી.'

વિદ્યાર્થી રૂમ પર પાછો આવ્યો ત્યારે એની આંખ ભેજવાળી હતી અને કાનમાં શબ્દો ગૂંજતા હતા : 'માય બૉય, આય નો વોટ ઈઝ હંગર...' થોડાક દિવસ પછી વિદ્યાર્થીને થોડાં કાગળિયાં મળ્યાં. પ્રોફેસર લાકડાવાળાએ આ તેજસ્વી માટે બે સ્કોલરશિપની વ્યવસ્થા કરી આપી હતી.

આ વિદ્યાર્થી ભીમ સન્મીત્રા આગળ ખૂબ ભણ્યો, શિક્ષણશાસ્ત્રી બન્યો, મુંબઈની વિખ્યાત બોમ્બે ઈન્ટરનેશનલ સ્કૂલનું આધુનિક શૈક્ષણિક માળખું તૈયાર કર્યું. ત્યારબાદ વિદેશમાં જઈને ખૂબ પ્રગતિ કરી અને એક દિવસ એકાએક પચાસેક વર્ષની ઉંમરે કાર અકસ્માતમાં એનું મૃત્યું થયું.

ભારત જેવા દેશના અગ્રણી અર્થશાસ્ત્રીઓને ખબર હોય છે કે ભૂખ શું ચીજ છે. આગલું જમણ હજમ થાય એ પહેલાં જેમને નેક્સ્ટ ભોજન મળી જાય છે એમને ખબર નથી હોતી કે ભૂખ શું છે. ક્ષુધા પ્રદિપ્ત કરવા જેવો જલજીરા કે જિન્જર કે અન્ય એપિટાઇઝર પીએ છે એમને ભૂખની કોઈ કિંમત નથી હોતી.

કાકાસાહેબ કાલેલકર એક સ્નેહીને ત્યાં મહેમાન બન્યા. બપોરે ખાસ ભોજન હતું. સારા સારા માણસો જમવા આવ્યા હતા. આહારની બધી જ વાનગીઓ અત્યંત સ્વાદિષ્ટ હતી. સાંજે સ્નેહીએ કાકાસાહેબને પૂછ્યું, 'આજે રાતે આપ જમશો ને?' કાકાસાહેબે કહ્યું, 'આજે સાંજે કોઈને મળવા જવાનું નથી. બહાર ખાવાની સંભાવના નથી. હું ઘેર જ ખાઈશ.'

સ્નેહીએ સ્પષ્ટતા કરી, 'હું એ દૃષ્ટિએ નથી પૂછતો, બપોરે મોડા જમ્યા છીએ. બધાએ ખૂબ ખાધું છે. અમે લોકો રાતે જમવાનાં નથી. આપને માટે જ રસોઈ બનશે એટલે પૂછ્યું. આપ પણ નહીં જમો તો રસોઈ નકામી જાય.'

સ્નેહીની આ સ્પષ્ટતાના જવાબમાં કાકાસાહેબ ભૂખ અને ખોરાક વિશે લંબાણપૂર્વક જે સમજણ આપે છે તેને ધ્યાનપૂર્વક હવે વાંચવી જોઈએ. કાકાસાહેબ બોલ્યા, 'બપોરની રસોઈ ખૂબ સ્વાદિષ્ટ હતી. મેં બધી વાનગીઓ સ્વાદપૂર્વક ખાધી. એટલી વિવિધ ચીજો બનાવી હતી કે કઈ ચીજનો વિશેષ આદર કરવો તેનો નિર્ણય કરવાનું કામ કઠણ હતું. પરંતુ મારો નિયમ છે કે ખાસ ભોજનના દિવસે હું રોજના કરતાં થોડું ખાઉં છું. મેં સ્વાદથી ખાધું પરંતુ વધુ નથી ખાધું. સ્વાદથી ખાવામાં રસિકતા છે, ઠાંસીને ખાઉં તો ખાઉધરાપણું છે. નાનપણથી આ અંગે હું સજાગ છું અમુક વખતે મારો આહાર પ્રમાણમાં વધારે હતો ખરો, પરંતુ એ દિવસો જુવાનીના હતા, પૂરા થયા. જમતી વખતે મારું ધ્યાન હંમેશા આહારના પ્રમાણ તરફ હોય છે. પ્રવાસમાં સાંજનું ખાણું મળશે કે કેમ તે બાબત શંકા હોય ત્યારે હિંમત કરીને થોડું વધારે ખાઈ લઉ છું ખરો, પરંતુ એ ઈરાદાપૂર્વક હોય છે. વાનગી સ્વાદિસ્ટ છે માટે હદથી વધારે ખાવા માંડું તો મારી જ દૃષ્ટિમાં હું મારી પ્રતિષ્ઠા ગુમાવી બેસું.'

*જે વરસતી એકધાર, શોધી કાઢ,*
*એ કૃપા, એ સ્રોતસાર શોધી કાઢ!*

વરસમાં એકવાર સંયુક્ત રાષ્ટ્ર સંઘવાળાઓ વિશ્વ અન્ન દિવસ ઉજવે છે. કઈ તારીખે આ દિવસ ઉજવાય છે એની આપણને જાણ નથી હોતી કારણ કે ભૂખનો અર્થ આપણા માટે એટલો જ હોય છે કે હવે ગરમાગરમ જમવાનો સમય થઈ ગયો છે. અડધી રાતે ઊંઘ નથી આવતી ત્યારે ભૂખ આવે છે અને ફ્રિજનું બારણું ખોલ્યા પછી ભૂખ મટી જાય છે. આ ભૂખ જ શું ખરેખરી ભૂખ છે ? પેટની ખરી ભૂખ એ છે અન્નના અભાવને કારણે ક્યારેય પૂરેપૂરી સંતોષાતી નથી. દિવસો નહીં, વર્ષો સુધી જે માણસો પૈસાના અને એને કારણે અન્નના અભાવને લીધે ક્યારેક પૂરેપૂરા તો ક્યારેક અડધાપોણા ભૂખ્યા રહેતા હોય એમના જીવનમાં ઊંડા ઉતરીએ તો ખબર પડે કે ભૂખ શી ચીજ છે. પન્નાલાલ પટેલ 'માનવીની ભવાઈ'માં ભૂખમરા વિશે જે લખી ગયા એ પછી ભારતમાં આજ દિન સુધી કોઈ વિશેષ ફરક પડ્યો નથી.

એક તરફ ભારતમાં ફાઈવસ્ટાર કલ્ચર ફુલીફાલી રહ્યું છે અનો ઘોડાની રેસ પર લગાવાતા દાવનો જુગાર નહીં ગણીને શ્રીમંતોના મોજશોખને ઉત્તેજન અપાઈ રહ્યું છે. બીજી તરફ શું હાલત છે ? કલકત્તાનો એક નાનકડો દાખલો લઈએ. હુબલી નદી પરના બીજા પુલ પાસે, હેસ્ટિંગ્સ ક્રોસિંગ નજીક થોડાંક છોકરાં લંગડી રમી રહ્યાં છે. બધાં જ દુબળા પાતળાં છે. એમની પાંસળીઓ દેખાય છે. એમને રમતાં જોઈને તમે 'બેલેન્સ્ડ ડાયેટ', 'ન્યુટ્રિશનલ સ્ટેટ્સ' અને 'રેકમેન્ડેડ ડેઈલી ઈન્ટેક' જેવા રૂપાળા શબ્દોની ભરમારમાંથી બહાર આવી જાય છો. અહીં જે એકમાત્ર શબ્દનું ચલણ છે તે છે ભૂખ. જિતેન હરિ નામનો ત્રીસ વર્ષનો યુવાન ઉનાળાનો આકરો તાપ, શિયાળાની કડકડતી ઠંડી, વાવાઝોડાં, વરસાદ બધું જ સહન કરી શકે છે. બસ, એક ભૂખ એનાથી સહન નથી થતી.

જિતેન હરિના કુટુંબમાં નાનાંમોટાં મળીને અગિયાર સભ્યો છે. કમાનારો એ એકલો છે. બાબુબઝાર ટ્રામ ડેપોમાં ઝાડુવાળાની નોકરી કરે છે અને મહિને રૂપિયા સાડા ચારસોનો પગાર લાવે છે. રોજના પંદર રૂપિયામાં અગિયાર જણે બે ટંકનું પેટ ભરવાનું હોય તો તેઓ શું ખાતા હશે ? જિતેનના કુટુંબનું રોજનું મેન્યુ છે : પાણીમાં બોળેલા ભાત અને નમક. રોજ, વરસને વચલે દહાડે એમને બાફેલા બટાટા પણ ખાવા મળે છે. જિતેનના બચ્ચાઓની આંખો ઊંડી ઉતરી ગઈ છે. આ બાળકોની સુક્કી અને ખાલીખમ આંખોમાં આંખ પરોઈને તમે જોઈ શકો એમ નથી. એમનો શારીરિક વિકાસ, ભદ્ર લોકોની ભાષામાં કહીએ તો, કુંઠિત થઈ ગયો છે. એમના પગ ઘૂંટણેથી નમી પડે છે. જિંદગી આખી જ્યાં કોકડું વળી ગઈ હોય ત્યાં માત્ર શરીરની ક્યાં વાત કરવી.

જિતેન હરિ જેવા લોકો માત્ર કલકત્તામાં જ નથી, દેશના તમામ ખૂણાઓમાં વસે છે. ગણવા બેસો તો લાખોની સંખ્યા નાની પડવા માંડે. આ એ લોકો છે જેમની પાસે કામ છે, જેઓ મહેનત પણ કરે છે, પરંતુ એ મહેનતનું એમને એટલું વળતર નથી મળતું જેના વડે તેઓ કુટુંબને એક ટંકનું ભોજન અપાવી શકે. તેઓ મોટા મોટા જમણવારો પૂરા થયા પછી વધી-ઘટી રસોઈ માગવા જઈ શકતા નથી. એમનું સ્વાભિમાન એમને ત્યાં જવાની ના પાડતું હોય છે. ક્યાં સુધી ટકી રહેવાનું છે આ સ્વમાન ? ક્રાંતિનું જન્મસ્થાન દિમાગ નહીં પેટ હોય છે.

*વ્યર્થનો ન કર વિચાર, શોધી કાઢ,*
*શું છે સાર, શું અસાર, શોધી કાઢ!*

# ઈન્ફોર્મેશન પ્લીઝ !



ઉત્તર-પશ્ચિમ અમેરિકાનું એક રાજ્ય. એમાં એક નાનકડા શહેરમાં પોલ નામનો એક છ વરસનો બાળક પોતાના ઘરમાં એકલો હતો. પોતાની લાકડાનાં રમકડાં બનાવવાની પેટીમાંથી ઓજારો લઈ નાનકડું ઘર બનાવવા મથી રહ્યો હતો. ખૂબ જ રસથી કામ કરતાં કરતાં અચાનક જ એનાથી ખીલીના બદલે પોતાના જ અંગૂઠા પર હથોડી મરાઈ ગઈ. એની રાડ ફાટી ગઈ. રડવું આવી ગયું. પણ રડે શી રીતે ? ઘરમાં કોઈ સાંભળવાવાળું તો હતું નહીં. એના પપ્પા નોકરી પર ગયા હતા. મા બજારમાં ખરીદી કરવા ગઈ હતી. હવે શું કરવું ? અચાનક એને યાદ આવ્યું કે કોઈ પણ માહિતી માટે એના પપ્પા ટેલિફોનનું રિસીવર ઉપાડનીને 'ઈન્ફોર્મેશન પ્લીઝ!' એમ પૂછતા અને સામેથી જવાબ મળે પછી પોતાની જોઈતી માહિતી અંગે પૂછતાછ કરી લેતા. એ યાદ આવતાં જ એણે ફોનનું રિસીવર ઉઠાવ્યું અને કહ્યું, 'ઈન્ફોર્મેશન પ્લીઝ!'

એકાદ બે ક્લિક્સ સંભળાઈ પછી સામે છેડેથી અવાજ આવ્યો, 'ઈન્ફોર્મેશન બોલે છે. બોલો, હું આપની શું સેવા કરી શકું ?' અવાજ કોઈ સ્ત્રીનો હતો.

'મારા અંગૂઠા પર મારાથી જ હથોડી વાગી ગઈ છે. ખૂબ દુઃખે છે.' સાંભળનારું કોઈ મળ્યું એટલે બાળકે રડતાં રડતાં જ કહ્યું.

'તારા ઘરે કોઈ નથી ? મતલબ કે કોઈ મોટું હાજર નથી ?'

'ના ! ઘરે હું એકલો જ છું !' હીબકાં ભરતાં બાળકે જવાબ આપ્યો.

'શું ઉંમર છે તારી દીકરા ? તારું નામ શું છે ?'

'છ વરસ ! મારું નામ પોલ છે.'

'અંગૂઠામાંથી લોહી નીકળે છે ?'

'ના, લોહી નથી નીકળતું, પણ મને ખૂબ જ દુઃખે છે. સબાકા ખૂબ જ મારે છે.'

'તું તારા ફ્રિજમાંથી બરફ કાઢી શકીશ ?' પેલી સ્ત્રીએ પૂછ્યું.

'હા !' છોકરાએ જવાબ આપ્યો.

'તો એક કામ કર. બે-ચાર ટુકડા બરફના કાઢી એક વાડકીમાં નાખીને એમાં થોડુંક પાણી ભરી દે. પછી તારો અંગૂઠો એમાં થોડીક વાર ડુબાડી રાખજે. તને જરૂર રાહત થઈ જશે. થોડુંક સારું લાગે પછી એક રૂમાલ એ પાણીમાં ભીનો કરીને દુખતા અંગૂઠા પર પાટો બાંધી દેજે. તને જરૂર મટી જશે. અને હા ! હવે રડીશ નહીં. બહાદુર બનજે !'

અદ્‌ભુત રાહતની લાગણી સાથે બાળકે એનો આભાર માની રિસીવર મૂકી દીધું. પણ આ પ્રસંગ પછી પોતાના કોઈ પણ કામ માટે એ 'ઈન્ફોર્મેશન'ને જ પૂછતો. લેસન કરતી વખતે તો ખાસ કરીને એને જ પૂછી લેસન

*જે ખુલ્યા પછી કદી ન બંધ થાય,*
*તું ય કોક એવું દ્વાર શોધી કાઢ !*

કરતો. મજાની વાત તો એ હતી કે હંમેશાં એને લેસન કરવાના સમયે 'ઈન્ફોર્મેશન'ની ડ્યૂટી હોય જ. એ સ્ત્રીનો નોકરીનો સમય અને પોલનો લેસન કરવાનો સમય એક જ હતો. એટલે પોલ કંઈ પણ મુશ્કેલી પડે તો એ સ્ત્રીને જ પૂછી લેતો. એક વખત ભૂગોળનું લેસન કરતી વેળા ફિલાડેલ્ફિયા ક્યાં આવ્યું એ એને 'ઈન્ફોર્મેશને' જ જણાવ્યું હતું. ગણિતના અઘરા દાખલા ગણતી વખતી પણ એ એની જ મદદ લેતો. એણે જ્યારે નાનકડું વાંદરું પાળ્યું ત્યારે એને ખાવા શું શું આપી શકાય એ માટેની સંપૂર્ણ માહિતી એણે એ સ્ત્રી પાસેથી જ મેળવેલી.

એક દિવસ પોલનું પાળેલું બુલબુલ પાંજરામાં જ મૃત્યુ પામ્યું. એ ખૂબ જ ઉદાસ થઈ ગયો. આ બનાવથી એને વારંવાર રડવું જ આવતું હતું. 'ઈન્ફોર્મેશન'નો સંપર્ક કરી એણે આ કરુણ ઘટનાની વાત કરી. એણે કહ્યું 'દીદી! પોતાનાં અદ્‌ભુત ગીતોથી મારા ઘરમાં આટલો બધો આનંદ પાથરતું એ પંખી અચાનક પીંછાંનો ઢગલો બની અમને શું કામ છોડી ગયું ?'

પેલી સ્ત્રી બે-ચાર ક્ષણ મૌન રહી.પછી ખૂબ જ સહાનુભૂતિભર્યા અવાજે બોલી, 'બેટા! એ બુલબુલને આપણી દુનિયા સિવાયની બીજી દુનિયામાં પણ ગીતો ગાવાનાં હશે અને એટલે જ ભગવાને એને બોલાવી લીધું હશે!'

એ વાક્યમાં ખબર નહીં એવું તો શું હતું, પણ પોલના દુ:ખી મનને એનાથી ખૂબ જ રાહત મળી. એ પછી થોડા દિવસ પછી એણે 'ફિક્સ' 'fix' નો સ્પેલિંગ કઈ રીતે લખાય એ પૂછ્યું. આટલો નાનો સ્પેલિંગ તો એની મમ્મી પણ સમજાવી શકત, પણ આદત મુજબ એ આવા નાનકડા પ્રશ્નો માટે પણ 'ઈન્ફોર્મેશન' કાઉન્ટર પર બેઠેલી સ્ત્રીનો સંપર્ક કરતો. અને એ સ્ત્રી પણ ક્યારેય કંટાળો લાવ્યા વિના એને બધું જ સમજાવતી. આજે પણ એણે એને સ્પેલિંગ લખાવ્યો.

આ ઘટનાક્રમ આમ જ લગભગ ત્રણ વરસ શરૂ રહ્યો. ત્રણ વરસ પછી પોલના પિતાની બદલી બૉસ્ટન શહેરમાં થઈ. પોલ અમેરિકાના બીજે છેડે રહેવા ચાલ્યો ગયો. એની મોટી બહેન એ જ શહેરમાં પરણીને સ્થાઈ થઈ હતી. વરસો વીતતાં ગયાં તેમ સ્મૃતિઓની દીવાલો પણ સમયનું પડ જાડું થતું ચાલ્યું.

કોલેજ પૂરી કરીને પોલે પોતાનો ધંધો શરૂ કર્યો. ધંધાના કામ અંગે એ એક વખત બહારગામ જતો હતો ત્યારે એના વિમાને એણે જ્યાં બાળપણ ગુજારેલું એ જ શહેરમાં લગભગ અર્ધા કલાક જેટલું રોકાણ કર્યું. પોલે પોતાની બહેન સાથે લગભગ પંદરેક મિનિટ વાત કરીને ફોન મૂક્યો ત્યાં જ દીવાલમાંથી ફૂટી નીકળતા પીપળાની માફક જ એને 'ઈન્ફોર્મેશન'ની યાદ આવી ગઈ. આટલાં વરસો પછી સીધો ફોન ઉપાડવાથી ઈન્ફોર્મેશનને જ લાગે તેવું નહોતું રહ્યું એટલે એણે લોકલ ફોન ડિરેક્ટરીમાંથી ઈન્ફોર્મેશનનો નંબર મેળવ્યો. પછી ધડકતા હૈયે બોલ્યો, 'ઈન્ફોર્મેશન પ્લીઝ!'

યુવાન થવાના કારણે પોલનો અવાજ બિલકુલ બદલાઈ ગયો હતો. પણ સામે છેડેથી એનો એ જ મીઠો અને પ્રેમાળ અવાજ સંભળાયો, 'ઈન્ફોર્મેશન બોલે છે. બોલો! હું આપની શું સેવા કરી શકું ?'

*લે, બધું ય એકવાર ખોઈ નાખ,*
*શેષ શું બચ્યું ધરાર, શોધી કાઢ!*

એનો એ જ અને એવો જ મમતાભર્યો અવાજ આટલાં વરસો પછી પણ સાંભળવા મળશે એવી પોલને કલ્પના જ નહોતી. એટલે શું વાત કરવી અને કઈ રીતે વાત કરવી એ તો એણે વિચાર્યું જ નહોતું. એના મગજમાં તો પોતાના બાળપણના પ્રસંગો જ ઘૂમરાતા હતા. કંઈ યાદ ન આવતાં એણે લાગલું જ પૂછી નાખ્યું, 'તમે મને ફિક્સ fix કઈ રીતે લખવું તે સ્પેલિંગ સમજાવશો ?

સામે છેડે થોડી વાર શાંતિ છવાઈ ગઈ. પછી એ જ લાગણીભર્યો અવાજ સંભળાયો, 'પોલ ! હથોડી વાગેલી એ અંગૂઠો રુઝાઈ ગયો ? કે હજુ દુ:ખે છે ?'

પોલના આનંદનો કોઈ પાર ન રહ્યો. એની આંખમાં આંસુ આવી ગયાં. એ બોલ્યો, 'દીદી ! તમે આજે આવી રીતે મળી જશો એ હું માની જ નથી શકતો. હું હવે મોટો બિઝનેસમૅન બની ગયો છું. પણ તમને આજે મારે એક વાત કરવી છે.' એટલું કહી એ બે ક્ષણ અટક્યો. પછી છાતીમાં ભરાયેલ ડૂમાને જેમતેમ ખસેડીને એ બોલ્યો. 'દીદી ! તમે મારા માટે એ વખતે શું હતાં એ તમને ખબર છે ? તમે એક બાળકના સુખદુ:ખના સાથી હતાં. મારે મા-બાપ તો હતાં, પણ પોતાના કામમાં જ વ્યસ્ત. મારાં મા-બાપ પાસે તો મારા માટે સમય હતો જ નહીં. એ વખતે મારાં મા અને બાપ બંને તમે જ હતાં. તમે મને ક્યારેય વાત કરવાની ના પાડી નથી. જો એવું કહું તો પણ એને અતિશયોક્તિ ન માનતાં કે તમે મારા બાળપણનું સર્વસ્વ હતાં !' ડૂમો ફરીથી ભરાઈ આવ્યો. પોલ આગળ બોલી જ ન શક્યો.

બે ક્ષણ બંને છેડે શાંતિ છવાયેલી રહી. લાગતું હતું કે બંને છેડે આંસુ રોકવાનો જ પ્રયાસ થઈ રહ્યો હતો. ત્યારબાદ એ સ્ત્રીએ કહ્યું, 'પોલ ! આજે મારે પણ તને કહેવું છે કે તું મારા માટે શું હતો એ તને ખબર છે ખરી ? હું સાવ જ એકાકી જીવન જીવતી હતી. મારે પતિ કે બાળકો કોઈ જ નહોતું. તારો ફોન આવે અને હું જ તારી સાથે વાત કરી શકું એ માટે હું હંમેશાં સાંજની ડ્યુટી જ પસંદ કરતી. તને અભ્યાસમાં મદદરૂપ થઈ શકું એ માટે તારા જે તે ધોરણનાં પુસ્તકો ખરીદીને હું રોજ રાત્રે એનો અભ્યાસ કરતી. તારી સ્કૂલમાં જે ચાલવાનું હોય તે હું અગાઉથી જ તૈયાર કરી રાખતી. તારો અવાજ મને રોજ એક દિવસ વધારે જીવતા રહેવાની હિંમત આપતો. મારી નોકરી ન હોય ત્યારે હું કોઈકને બદલે નોકરી કરતી. હું ભાંગી પડીને આપઘાત કરવાનો વિચાર કરતી હતી એવે વખતે મને જીવતા રહેવાની પ્રેરણા તેં જ આપેલી !' થોડી વાર અટકીને એ બોલી, 'પોલ બેટા ! તારી પાસે સમય હોય તો મને મળીશ ? તને મળવા હું વરસોથી તડપું છું અને તું ફરી કોઈ દિવસ મળીશ એ આશાએ જ જીવું છું.'

'દીદી !' પોલ માંડ માંડ બોલી શક્યો, 'મારું પ્લેન હવે પાંચ-દસ મિનિટમાં જ ઊપડશે. દોઢેક મહિના પછી હું પાછો આવીશ. તમે જે અનુભવી રહ્યાં છો એવી લાગણી હું પણ અનુભવી રહ્યો છું. મારે પણ તમને મળવું છે. તમને હું ખાતરી આપું છું કે હું પાછો આવીશ ત્યારે મારી ટિકિટ જ એવી રીતે લઈશ કે તમારી સાથે એકાદ દિવસ ગાળી શકાય.'

ત્યારપછી રડતાં રડતાં જ બંનેએ એકબીજાને બાય-બાય કર્યું. ફોન મૂકતાં પહેલાં એ સ્ત્રીએ

*તું સ્વયં અનંત તેજની લકીર,*
*ક્યાં લગી છે અંધકાર, શોધી કાઢ !*

જણાવ્યું કે પોતાનું નામ સેલી છે અને ભવિષ્યમાં સંપર્ક માટે એ નામથી જ પૂછતાછ કરવી.

દોઢને બદલે પોલ પૂરા ત્રણ મહિના પછી આવી શક્યો. વિમાનમાંથી ઊતરીને તરત જ ત્યાંના જાહેર ટેલિફોન પરથી જ એણે ફોન કર્યો, 'ઈન્ફોર્મેશન પ્લીઝ!' એટલું બોલી એ ધડકતા હૈયે ઊભો રહ્યો.

'ઈન્ફોર્મેશન બોલે છે. બોલો! હું આપની શું સેવા કરી શકું?' સામે છેડેથી એક મૃદુ અવાજ આવ્યો. પણ એ સેલીનો નહોતો.

'સેલીને આપશો પ્લીઝ?' સેલી નહીં મળ્યાના થોડા વિષાદ સાથે પોલે કહ્યું.

'તમે એના મિત્ર છો?'

'હા! ખૂબ જૂનો મિત્ર!' પોલે જવાબ આપ્યો.

'તમને જણાવતાં મને અનહદ દુઃખ થાય છે, પરંતુ મારે જાણ તો કરવી જ જોઈએ. કેન્સરના કારણે લગભગ દોઢ મહિનાથી રજા પર રહેલી સેલીનું ગયા અઠવાડિયે જ મૃત્યુ થયું છે. માફ કરશો!'

પોલ માથે જાણે વીજળી પડી, 'ઓહ નો!' કહેતાં એનાથી ધ્રુસકો મુકાઈ ગયો. જે સ્ત્રી પોતાના બાળપણની દુનિયામાં સર્વસ્વ હતી એને એક વાર પણ મળી ન શકાયું એ વાત એને અત્યંત પીડા આપી રહી હતી.

'અરે સાંભળો!' સામે છેડે રહેલી સ્ત્રીએ કદાચ પોલના રડવાનો અવાજ સાંભળી લીધો હતો. સેલી મટે રડવાવાળું આ દુનિયામાં બીજું કોઈ સગું તો હતું નહીં અને પોલ વિશે એણે સેલી પાસેથી ઘણી વાતો સાંભળી હતી. એટલે એણે પૂછી જ લીધું. 'તમે ક્યાંક મિ. પોલ તો નથીને?'

'હા! હું પોલ જ બોલું છું. સેલીએ મારા વિશે તમને કંઈ કહ્યું હતું?' પોલને નવાઈ લાગી.

'સેલીએ તમારા માટે એક સંદેશો મૂકેલો છે. સેલીએ કહ્યું કે તમે આવો ત્યાં સુધી કદાચ એ જીવતી ન પણ રહે તો મારે આ સંદેશો તમને આપવો. તમને રડતા સાંભળ્યા એટલે હું ઓળખી ગઈ. સેલી કહેતી હતી કે એના મૃત્યુથી તમને ખૂબ જ દુઃખ થશે.'

'સંદેશો શો છે?' પોલને સેલીએ શું લખ્યું હશે એ સાંભળવાની અધીરાઈ થઈ આવી હતી.

'સેલીએ લખ્યું છે કે - પોલને કહેજો કે રડે નહીં. જરાય દુઃખી પણ ન થાય. આ એક જ દુનિયા નથી. બીજી દુનિયામાં પણ ગીતો ગાવાનાં હોય તો ભગવાન બોલાવી લેતા હોય છે અને આ સંદેશો પોલ જરૂર સમજી જશે!' સંદેશો પૂરો કરીને એ સ્ત્રી શાંત થઈ ગઈ. એનો આભાર માની પોલે ફોન મૂકી દીધો.

એ સંદેશાનો અર્થ પોલ બરાબર સમજી ગયો હતો. અતિ ખિન્નતાના ભાવો વચ્ચે શીતળ ચંદનના લેપ જેવી ઠંડક એના હૃદયે અનુભવી. આંખ બંધ કરી શાંતિથી એ એરપોર્ટની લોન્જના એક ખૂણાની બેઠક પર બેસી ગયો. બંધ આંખોમાંથી અશ્રુધારા વહેતી હતી. પરંતુ એના મોં પર શાંતિના ભાવો પથરાયેલા હતા. ઘણાં વર્ષો પછી એના બુલબુલનો મીઠો અવાજ એના કાન અને હૃદયમાં જાણે કે ગુંજી રહ્યો હતો!

*આ ક્ષણે જ પૂર્ણ કર બધો હિસાબ,*
*કેટલું છે ક્યાં ઉધાર, શોધી કાઢ!*
*– રાજેન્દ્ર શુક્લ*

## લઘુ કથાનક : 'ઈંદુબા'

ન્યુ યોર્કથી અક્ષરા અમદાવાદ તેની નાની બહેન સ્નેહાને ફોન કરી કહેતી હતી ''બેન ન્યુ યોર્કની ટિકિટ કઢાવો અને જલદી આવો. ઈંદુબાએ અન્નજળ ત્યાગ કર્યાં છે. દવા લેવાની પણ ના પાડે છે અને નક્કી કર્યું કે બે હાર્ટ એટેક આવી ગયા પછી હવે ચોર્યાસીએ લીલીવાડીને ત્યાગવાનો સમય આવી ગયો છે.''

''હેં?''

''હા અને જાતે ડૉક્ટર. અને એવાં કેટલાંય મૃત્યુ જોયેલાં જેમાં બાળકો દવાદારૂ કરાવે અને ટૂંકા ગાળામાં જો તે વડીલ દેહ ત્યાગે ત્યારે પહેલો નિસાસો એ જ નાખે કે થોડુંક વધુ જીવ્યા હોત તો.''

''પણ તેમને સારું તો છેને?''

''હા. ઘરે લાવ્યા પછી નાના ભાઈ તારકને પાસે બોલાવીને કહ્યું, ભાઈ હવે આ દેહને અભડાવીશ ના. મને ગમે તે થાય પણ દવા નહીં, ઈન્જેક્શન નહીં કે નહીં બાટલા ચઢાવવાના. મને ખબર છે કે દેહ ધીમે ધીમે અશુચિ મુક્ત થઈ જશે અને પ્રભુના ખાતામાં પાછો સોંપાતો દેહ જેવો તેમણે આપ્યો હતો તેવો સર્વ અશુચિ મુક્ત આપવો રહ્યો.''

તારકે કહ્યું પણ ખરું કે મમ્મી કંઈ અમારી ભૂલચૂક થઈ? આમ અચાનક જ અમારાથી મમતાનો નાતો છોડવા માંડ્યો ?

ત્યારે મમ્મીએ કહ્યું, ''જો બેટા ! તને જન્મ આપ્યો ત્યારે તું રડતો હતો પણ અમે બધાં હસતાં હતાં. આનંદમાં હતાં, અમારો વંશ વધારનાર આવ્યો. હવે અમારું કામ પુરું થયું. તમને ભણાવ્યા, કાબેલ કર્યા, લગ્ન કરાવ્યાં અને ત્રીજી પેઢી પણ જોઈ હવે કેટલું જીવવાનું ?''

તારક કહે, ''મા કેવો શ્રાપ પ્રભુએ દીકરાઓને આપ્યો છે ? જન્મદાતાને ચેહ આપવાની?''

ફોન ઉપર અક્ષરાની વાતો સાંભળતી સ્નેહા બોલી ''મમ્મીએ તો ભારે કરી.''

''જો મમ્મીને તું સાંભળે તો તારું ગર્વથી માથું ઊંચું થઈ જશે... બસ જલદી ટિકિટ કઢાવ અને રાહ કે મુહૂર્ત જોવા ન રહીશ. વળી લંડનથી સેજલ આવી ગઈ છે એટલાંટાથી દીપાલી અને કનક પણ અહીં જ છે. આખા કુટુંબમાં તું એકલી જ નથી.''

''ભલે બહેન અમે લોકો આવીયે છે.''

રોજ સવાર અને સાંજ ભક્તિભાવનાં ભજનો ગવાય છે અને રોજ તેમને સક્ઝ કરીએ ત્યારે આંખો આંસુથી ભરાય ત્યારે ઈંદુબા બહુ હળવાશથી કહે, ''તમને ધર્મ જ્ઞાન આપ્યું તે ખાલી સાંભળવા માટે નહીં તેનો અમલ પણ કરવાનો હોયને?''

''પણ મમ્મી ક્યારેક તું બહુ આનંદમાં હોય છે અને ક્યારેક ઉદાસ. તેનું શું કારણ?''

''હું મનોમન જેઓ મારી સાથે કામ કરતા હતા. મારી પાસે માવજત લીધેલી તે સૌની માફી માગું છું અને એમની સાથેના વહેવારને ખમાવું છું ત્યારે આનંદમાં હોઉં છું.

અને માનવ સહજ અનુરાગોથી બંધાયેલી પરિસ્થિતિમાં સમતાથી તમને છોડીને જવાની વાત આવે છે ત્યારે ઉદાસીનતા આવે છે. પણ આ ભાડાની કોટડી પાછી તો વાળવાનીને?''

એટલાંટાથી આવેલા જમાઈ કનક ત્યારે જરા ગુસ્સે થઈને બોલ્યા, ''બા તમે તો જાણે જવા તૈયાર રહ્યાં છો પણ અમને કેટલો ત્રાસ ? તમને રોજ રોજ તલ જેટલું મરતાં જોવાનાં ? અને તે રોકવા અસમર્થ હોવાના નિસહાય ભાવને સહેવાના. પ્રભુએ આપેલું આયુષ્ય કર્મ જાતે ઘટાડી રહ્યાં છો તે આમ તો એક પ્રકારનું અપમૃત્યુ જ છેને ? દીપાલી તો તમારા રૂમમાંથી બહાર નીકળે અને રોજ રડે છે. નાની જતી રહેવાની.''

ઈંદુબા કહે, ''અમરપટો તો લખાવીને આવી નથી. અંતિમ સમયની આ આરાધના છે તે સમજે છે છતાં મારે માટેનો મોહ તેને રડાવે છે.''

''પણ બા આખી દુનિયા બને ત્યાં સુધી જીવવા મથે અને આપ તો અમને બધાને નમાયા કરવા જાતે મૃત્યુરથને આમંત્રો છો. મારી સમજ પ્રમાણે આ ખોટું છે.'' કનકનો

**હાલે દિવાના હું, ચાહું તો બદલ સકતા હું...**
**ખાર તો ખાર, અંગારો પર ચલ સકતા હું...**
**...મેરી બેબાક તબીયતકા, તકાજા હૈ કુછ ઔર !**

**મુકેશે ગાયેલ ગેરફિલ્મી ગીત**

આક્રોશ સમજાતો હતો. દીપાલી રડે તેનાથી તે વ્યથિત હતા.

બહુ ઠાવકાઈથી અક્ષરા કહે, ''કનકચંદ્ર એમની ઉંમરે આપણે પહોંચીશું ત્યારે જ કદાચ આપણને સમજાશે કે શરીરની નબળાઈઓ અને સાથી વિનાનો ખાલીપો એ કેવી મોટી વ્યાધિ છે, વ્યથા છે અને તેમાંથી છૂટવા લેવાતા આ રસ્તા કેટલા વ્યાવહારિક છે.''

સાસુ તરફ જરા વિચિત્ર રીતે જોતાં જમાઈબાબુએ ચુપ્પી સીધી લીધી. પણ બીજે દિવસે તેમના વર્તનથી વિરોધ નોંધાવતાં દીકરી અને જમાઈએ એટલાંટા જવા પ્રયાણ કર્યું.

ઈંદુબાનાં ચારેય સંતાનો અક્ષરા, સેજલ, સ્નેહા અને તારક ખડે પગે હતાં. શરીર ઉપર ખોરાકની ગેરહાજરી વરતાતી હતી તેવી જ રીતે ચહેરા ઉપર દિવ્યતા વધતી હતી. જાતે ઊઠીને નહાતાં હતાં. ભગવાન સામે ભાવથી બેસીને જાણે શુંય વિનવણી કરતાં રહેતાં.

બાને કંઈ ગડથોલિયું ન આવી જાય તેની તકેદારી રાખતા ચારેય સંતાનો જાણે બા જતાં ન રહે તેની ચોકી કરતાં.

સ્નેહા આવ્યાને પંદરમાં દિવસે ઈંદુબાએ પોતાની ડાયરી વાંચવા અક્ષરાને આપી. અને ચારેય સંતાનોને સાંભળવા કહ્યું.

અક્ષરાએ કંઈક ભારે અવાજે વાંચવાનું શરૂ કર્યું.

મારા આપ્તજનો.

મારા સંથારાને તમે લોકો સમજ્યા હોય તેવું લાગતું નથી. અને તેથી સહજ થવાને બદલે સૌ કામકાજ છોડીને મારી આજુબાજુ ગોઠવાઈ જઈને માતૃઋણ અદા કરવા બેસી ગયાં છો. કદાચ તમારા જન્મ વખતે અને જન્મ પછી લીધેલી કાળજીને દેવું સમજી અત્યારે મારી કાળજી કરી રહ્યા છો. કદાચ બાને હવે ગુમાવી દેવાનાં છીએ તો જેટલું વધુ તેની સાથે જિવાય તો જીવી લેવું કહીને તમે સ્મૃતિના મધને અકરાંતિયા થઈને ભેગું કરી રહ્યા છો.

મને કહેવા દો આમ કરીને તમે મને પણ તમારા રાગના રેશમી તાંતણે બાંધી રહ્યાં છો.

મારા ઉપવનનાં મુક્ત પંખીઓ ! એ રાગના તાંતાણાને તોડો અને સાવ સહજ થાવ. જન્મ્યું તે જાય વાળી વાતને ધ્યાનમાં લો. અને જેમ આંબા ડાળેથી પાકી કેરી આંબાને કોઈ પણ વેદના આપ્યા વિના છૂટી થઈ જાય તેમ મને તમારા રાગમાંથી મુક્ત થવાની સહજતા આપો. કાળ તેના સમયે મને લઈ જશે પણ તેમ કરતાં હું મારા કર્મનાં બંધન કાપવા મથું છું તેમાં ઊણી ન પડી જઉં તે માટે મેં સંથારો લીધો છે. વળી તમે સૌ તો જાણો છો તેમ આ ફક્ત દેહ બદલવાની આત્માની એક કળા છે. આજે તમારી માતાનું ખોળિયું છે કદાચ કાલે હું જગતમાત્રનાં પ્રાણીજગતના કોઈ ગર્ભમાં ઊંધા માથે લટકતી હોઈશ કે વનસ્પતિ જગતમાં ક્યાંક બીજ બનીશ કે પંખી જગતમાં અંડજ બનીશ... જે બનીશ તે તો બનીશ. પણ અત્યારે જે છું તેનો આનંદ છે. ક્યાં જઈશ તેની ચિંતા કરવાની બેવકૂફી નથી કરતી.

ધર્મે મને એટલું સમજાવ્યું છે કે મનને કસવા આત્માને સાંભળતા થવું જોઈએ આ અવાજ હંમેશા હૃદય પાસેથી આવતો હોય છે. મન અને હૃદયના આ દ્વંદ્વમાં હું વિજેતા બનીને સંથારે બેઠી છું. તે અંતિમ સમયની આરાધના છે.

મારાં બાળૂડાંઓ આ મારી સમજને સમજો. મારું તમારાથી છૂટા પડવું તે કુદરતી ક્રિયા છે જેમ તમારું મારા આંગણે જન્મવું. આભની અટારીએ તમારા બાપુ મારી રાહ જુએ છે એવું કોઈ સંવેદન નહીં આપું, કારણ કે આત્મા તેની ગતિ પ્રમાણે વિહરતો હોય છે. તેમ જ મારો આત્મા પણ કર્મોને આધીન રહીને આ દેહથી છૂટો થશે. એ વિષાદની નહીં પણ ઉજવણાની ઘડી છે. મને પડતી દૈહિક તકલીફો તો દેહના દંડ છે તે મારે જ ભોગવવાના હોય. તેની ''હાય'' ''હાય'' ન હોય. તેને તો ''હોય'' ''હોય'' કહીને ભોગવવાના જ હોય.

ચારેય ભાંડરડાં સ્વસ્થ થાવ ! હળવા થાવ ! અને મારી ચિંતા ન કરશો અને માતૃ–તર્પણમાં તમારા હસતા ચહેરા મારા વિલય સમયે રાખજો. કુદરતના ન્યાયને રુદનથી ન ઉવેખશો. રાગથી સહજ રીતે મુક્ત બનશો.

અક્ષરાએ છેલ્લું પાનું પૂરું કર્યું ત્યારે ઈંદુબા પ્રસન્ન હસતા શાંત ચહેરે દેહ છોડી ચૂક્યાં હતાં.

– **વિજય શાહ,** 'નવનીત સમર્પણ'માંથી સાભાર

રાત દિવસનો રસ્તો વાલમ, નહીં તો ખુટે કેમ
તમે પ્રેમની વાતો કરજો અમે કરીશું પ્રેમ

– સુરેશ દલાલ

**સમાચાર સંકલન** — સંસ્થા સમાચાર · જ્ઞાતિ સમાચાર · વતન સમાચાર

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### કે.ડી.ઓ. સિનિયર સિટીઝન્સ ડિગ્નીટી કલબ

કે.ડી.ઓ. સિનિયર સિટીઝન્સ ડિગ્નીટી કલબની તા. ૧૧-૬-૨૦૧૬ની કારોબારી સમિતિની મિટીંગમાં નિર્ણય લેવામાં આવ્યો હતો કે સંસ્થા એ ૧૪માં વર્ષમાં પ્રવેશ કર્યાની ખુશાલીમાં પેટન અને આજીવન સભ્યોને એક દિવસીય પિકનીક નિશુલ્ક કરાવવી. તે મુજબ કલબના ૫૦ સભ્યો અને તેમના કુટુંબીજનોની તા. ૧૫-૮-૨૦૧૬ના દહિસરથી ૯ કી.મી. દુર ''રોયલ ગાર્ડન રીસોર્ટ''માં પિકનિક યોજાઈ હતી. સાંજના પાછા ફરતા શ્રી લોઢા ધામમાં શ્રી સિમંદર સ્વામી જિનાલયમાં દર્શન કર્યા.

આગામી આયોજનોઃ ચૈત્ય પરિપાટી, સાપુતારા, વણી, ધર્મચક્ર, દેવલાલી અને નાસીક - ૩ દિવસ તા. ૨૬-૯-૨૦૧૬ થી તેમજ તામીલનાડુ પ્રવાસ ૧૩ દિવસ જાન્યુઆરીમાં સંપર્ક : રતિલાલ ખોના - મો. **9833119477**

### સેલુમાં પર્યુષણ ઉજવણી

શ્રી સેલુ શ્વેતાંબર જૈન સંઘ દ્વારા પર્યુષણ પર્વ ઉજવાયા. આર્યરક્ષિત સૂરી જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠ તરફથી કાશ્મીરાબેન લાલન અને મધુબેન ગંગર ધર્મ આરાધના કરાવવા પધારેલ. તા. ૩-૯-૨૦૧૬નાં મહાવીર જન્મ મહોત્સવ અને સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ થયેલ. સ્વપ્નાનું ઘૃત ૧૪૪૭૪ મણ થયેલ. કલ્પસુત્ર વહોરાવવોનો લાભ વિજય મેઘજી લોડાયાએ, બારસાસુત્ર વહોરાવાનો લાભ હીરાચંદ મેઘજી ખોના પરિવારે, પ્રભુજીનું પારણું પધરાવવાનો લાભ ધનસુખભાઈ રૂપડાએ લીધેલ. તા. ૭-૯-૨૦૧૬ સામુહિક ક્ષમાપના અને સ્વામીવાત્સલ્ય સાથે પર્વની પૂર્ણાહુતિ થઈ.

### અમરાવતી સમાચાર

અમરાવતીમાં કચ્છી સમાજના શ્રી દશાના ૧૨ અને વીશા ૧૨ મળી કુલ ચોવીશ ઘર છે. અમરાવતી શહેરમાં શ્રી શ્વેતામ્બરોના ત્રણ દેરાસર આવેલા છે તેમાંથી શ્રી શ્વેતામ્બર જૈન બડા મંદીર - જેમાં ખરતગચ્છ તથા અચલ ગચ્છ આરાધના કરે છે. દરરોજ વ્યાખ્યાન બાદની આંગી રોશની તથા પ્રભાવના કચ્છી સમાજની હતી. મહાવીર જન્મ કલ્યાણક તથા સ્વપ્નાના ચઢાવાની બોલીઓમાં કચ્છી સમાજના લોકોએ પણ લાભ લીધો હતો.

સ્થાનકવાસી વર્ધમાન સંઘ તરફથી બધા જૈનોની ગૌતમ પ્રસાદી તા. ૧૧-૯-૨૦૧૬ના યોજાઈ.

### શાળાઓમાં માનવસેવા-જીવદયા-પર્યાવરણના પાઠ

માનવજ્યોત સંસ્થા ભુજનાં પ્રમુખ શ્રી પ્રબોધ મુનવર દ્વારા કચ્છની ૧૩૯ શાળાઓમાં વિદ્યાર્થી - વિદ્યાર્થીનીઓને માનવસેવા-જીવદયા અને પર્યાવરણના પાઠોની સમજ પૂરી પાડવામાં આવી હતી. સૌએ પ્લાસ્ટીકના થેલી-ઝબલાઓના બદલે કાપડની થેલીઓ વાપરવાનો સંકલ્પ કર્યો હતો તેમજ માનવસેવા તથા જીવદયાના કાર્યો કરી, વધુને વૃક્ષોરોપણ કરી વૃક્ષો ઉછેરવા પણ સંકલ્પ કર્યો હતો.

### જૈન સોશ્યલ ગ્રુપ - ભુજની સેવા પ્રવૃતિ

જૈન સોશ્યલ ગ્રુપ (મીડટાઉન) ભુજ દ્વારા માનવજ્યોત સંસ્થા ભુજ સંચાલિત શ્રી ભગવતી વિદ્યા મંદિરના બાળશ્રમયોગીઓને નવા વસ્ત્રો અર્પણ કરી જમાડવામાં આવેલ.

ગ્રુપ અધ્યક્ષ દિપક શાહ, વિનેશ સંઘવી તથા ગ્રુપના સર્વે સભ્યોની ઉપસ્થિતિમાં શ્રી પ્રબોધ મુનવરે માનવસેવા-જીવદયા અને પર્યાવરણ વિશે પ્રવચન આપી સૌને આવા સત્કાર્યો કરવા સમજ પૂરી પાડી હતી.

### કે.ડી.ઓ. જૈન મહાજન, ગાંધીધામની નવનિયુક્ત કારોબારી કમિટી

કે.ડી.ઓ. જૈન મહાજન, ગાંધીધામના નવનિયુક્ત કમિટી મેમ્બરો : અરવિંદ લાલજી લોડાયા - પ્રમુખ, મો.: 09825634649 (વારાપધર), ચિરાગ શાંતિલાલ મોમાયા - ઉપપ્રમુખ, મો.: 09825361826 (સાંયરા), પ્રદીપ આણંદજી ખોના - મંત્રી, મો.: 09099788881 (સાંધવ),


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia's First ISO 9001:2000 Certified Gin Press

મુકેશ ઠાકરશી ભાટે - સંહ મંત્રી, મો.: 09428748935 (સુથરી), મિતેષ નીતિન મોતા - ખજાનચી, મો.: 08866677555 (તેરા).

**કારોબારી સભ્યો :** મહેશ ઝવેરચન્દ લોડાયા - મો.: 09904353381 (વારાપધર), મિતેષ મધુકાંત ધરમશી - મો.: 09825226557 (કોઠારા).

**કો.ઓ. સભ્યો :** ધવલ બિપિન લોડાયા - મો.: 09825226557 (નલિયા), પરેશ વીરચંદ પટેલ - મો.: 09978576621 (સાંધવ)

## મહારાષ્ટ્ર કચ્છી ઓસવાલ જૈન સમાજના અધ્યક્ષ-કારોબારી સભ્ય-કો-ઓપ્ટ સભ્ય-સલાહકાર આદિ પદે જ્ઞાતિ આગેવાનોની નિમણૂક

કચ્છી વિસા તથા દશા ઓસવાલના સંગઠન શ્રી મહારાષ્ટ્ર કચ્છી ઓસવાલ જૈન સમાજની જનરલ મિટીંગ તા. ૨૮-૮-૨૦૧૬ના બારામતી મુકામે થયેલ. શ્રી મહારાષ્ટ્ર કચ્છી ઓસવાલ જૈન સમાજ પણજી, મહારાષ્ટ્ર, મરાઠવાડા તથા નાસીક મળી ૨૭ ગામોનું સંગઠન છે. તેમાં ૨૦૧૬/૨૦૧૯ વર્ષ માટે જ્ઞાતિ આગેવાન શ્રી ઉત્તમ કલ્યાણજી ખોના સાંગલી-કોઠારાની બીજી વાર અધ્યક્ષપદે નિયુક્ત થયેલ છે.

શરદ માણેકજી ખોના કોઠારા સોલાપુર કો-ઓપ્ટ સભ્ય તરીકે, શ્રી ત્રિલોકચંદ નારાયણજી લાલકા અહમદનગર કારોબારી સભ્ય તરીકે તથા શ્રી મણીકાંત લક્ષ્મીચંદ લોડાયા નલીયા-રાપર ગઢવારી સલાહકાર તરીકે નિયુક્ત થયા છે.

## શ્રી પદ્મમુક્તિ વાત્સલ્ય નિધી ટ્રસ્ટ (ચાલીસગામ)



માતુશ્રી બાયાંબાઈ ભવાનજી શિવજી ઝવેરી પરિવાર હસ્તે શ્રી જીતેન્દ્રભાઈ શામજી ભવાનજી ઝવેરી (અમદાવાદ - જખૌ) તરફથી કાયમી ફંડ રૂપે રૂા. ૧,૧૧,૧૧૧નું યોગદાન મળેલ છે. ટ્રસ્ટે એમને સાધર્મિક રત્નનો ખિતાબ આપ્યો છે.

દર બુધવારના ગરીબોને ભોજન કરાવવા ફાળો આપનાર દાતાઓના નામ : ભાનુબેન મણીલાલભાઈ ધુલ્લા (મુલુંડ), ગંગાબાઈ નરશીભાઈ દંડ (મલકાપૂર), કુંવરબાઈ દામજી ભારમલ નાગડા (લોનાવલા), માતુશ્રી ધનબાઈ કેશવજી લોડાયા (હસ્તે ઝવેરચંદ કેશવજી લોડાયા, ડોંબિવલી, તારાબેન મેઘજી ભાણજી પોલડિયા (ડુમરા - નાગપુર), શ્રીમતી ચંદનબેન મોતિચંદ ધરમશી (હુબલી), નમિતા જીનેશ પાલાણી (હસ્તે ઈન્દુબેન ઉતમચંદ મૈશેરી - મુંબઈ), તેજસ્વીની અમિત મોતા (નાડિયાદ).

## તેરા તીર્થે નવા અતિથિગૃહ - રાજલક્ષ્મી વાત્સલ્યધામનું લોકાર્પણ

તેરા તીર્થે તા. ૨૯-૮-૨૦૧૬ને સોમવારના ૮ એસી રૂમવાળા રાજલક્ષ્મી વાત્સલ્યધામનું લોકાર્પણ ગામવાસીઓ, નીયાણીઓ, ગામે-ગામથી પધારેલ મહાજનો, શ્રેષ્ઠીવર્યો, કાર્યકરોની ઉપસ્થિતિ વચ્ચે થયું.

ગુરૂભગવંત પ.પૂ. આનંદકિરણાશ્રીજી મ.સા.ના માંગલિક બાદ, શ્રી લક્ષ્મીચંદ ધારશી મોતાના પરિવારજનો દ્વારા ''રાજલક્ષ્મી વાત્સલ્યધામ''નું લોકાર્પણ અને તક્તિનું ઉદ્‌ઘાટન થયું. સર્વે રૂમના ફર્નીચરના દાતાઓ દ્વારા તે તે રૂમના ઉદ્‌ઘાટન થયા. 'પેવરબ્લોક'ના સુશોભિકરણની તક્તિનું ઉદ્‌ઘાટન થયું.

શ્રી પ્રતાપભાઈ નારાણજી દંડને સમારંભ પ્રમુખ તરીકે, મુખ્ય દાતાશ્રી તરીકે શ્રી લક્ષ્મીચંદ ધારશી મોતા લાખણીયાવાલા તથા શ્રીમતી દક્ષાબેન ધીરેન મોતા અને મુખ્ય અતિથિ તરીકે શ્રીમતી દમયંતીબેન મહેન્દ્ર ખીમજી હતા.

પધારેલા સર્વેનું તેરાના વડિલ ટ્રસ્ટીશ્રી રમેશભાઈ નારાણજી દંડે સ્વાગત કર્યું હતું. મુખ્ય અતિથિ, સર્વે અતિથિ વિશેષ, રૂમના ફર્નીચરના દાતાશ્રી, મુખ્ય દાતાશ્રી તથા પ્રમુખશ્રીનું બહુમાન કરવામાં આવ્યું હતું. મુખ્ય દાતાશ્રીએ તેરાના ટ્રસ્ટીઓના પ્રતિક રૂપે વડિલ ટ્રસ્ટીશ્રી રમેશભાઈ નારાણજી દંડનું બહુમાન કર્યું હતું.

શાંતીલાલભાઈ લોડાયાએ આભાર વિધી કરી. કાર્યક્રમ બાદ સાધર્મિક ભક્તિનો લાભ પણ મુખ્ય દાતા પરિવારે લીધો હતો. આ પ્રસંગે શેઠશ્રી લક્ષ્મીચંદ ધારશી મોતા તરફથી રૂા. ૧૫૧૧૧૧/-નું અનુદાન પાંજરાપોળને આપવામાં આવ્યું હતું.

## કોઠારામાં પર્યુષણ મહાપર્વની શાનદાર ઉજવણી

કોઠારા ગામે પૂ. સાધ્વી શ્રી હર્ષશીલાશ્રીજી મ.સા. પૂ. સાધ્વી શ્રી ચૈત્યશીલાશ્રીજી મ.સા. આદિઠાણા-૨ની નિશ્રામાં પર્યુષણની ઉજવણી થઈ હતી. સંસ્થાનાં ટ્રસ્ટીઓશ્રી રાયચંદ લોડાયા, વીરચંદ ધરમશી, દિનેશ અજાણીના માર્ગદર્શન હેઠળ વિવિધ કાર્યક્રમો યોજાયા હતા.

કલ્પસૂત્ર ૫૦૧ મણમાં દામજી જેઠાભાઈ દંડ પરિવારે જ્યારે પ્રભુજીનું પારણું ૫૦૧ મણમાં સોનબાઈ ચત્રભોજ નાગડા હ. મયુરભાઈ પરિવારે પધરાવેલ. સ્વપ્નાનું કુલ ધૃત ૧,૧૬,૭૪૨ થયેલ છે. કુલ્લ ધૃત ૧,૬૮,૩૪૦ થયેલ.

અશ્વીન શામજી ધરમશી તથા મધુબેન ખુશાલ ખોનાએ નવ-નવ ઉપવાસની આરાધના કરેલ. જેમનું સમુહ સાંજી દ્વારા કોઠારા જૈન સંઘ દ્વારા બહુમાન કરવામાં આવેલ તન-મન ટુર્સ દ્વારા સમેતશીખરજી યાત્રાનું ડ્રો કરવામાં આવેલ. જેનાં

લક્કી ભાગ્યશાળી મધુબેન ખોના બન્યા હતા.

ચોથનાં દિવસે શ્રી જેઠાભાઈ ખીમજી વીસર મેમોરીયલ ટ્રસ્ટ સંચાલિત શ્રી કોઠારા જૈન પાઠશાળામાં ધાર્મિક જ્ઞાન મેળવતા ભાઈ-બહેનો તથા જિનાલય ભોજનશાળા-પાંજરાપોળ ટ્રસ્ટનાં સ્ટાફ તથા પાઠશાળાના શિક્ષિકા કુ. તોરલબેનનું કોઠારા જૈન મિત્ર મંડળ દ્વારા બહુમાન કરવામાં આવેલ. પાંચમનાં ચૈત્યપરિપાટી યોજવામાં આવેલ. છટ્ઠના દિવસે સામુહિક ક્ષમાપના કાર્યક્રમો યોજાયો હતો. કોઠારા જૈન મિક્ષ મંડળનાં કાર્યકરો ઘરો-ઘર જઈ ક્ષમાપના કરી હતી. છટ્ઠનાં દ્વારો ઉદ્ઘાટન કાર્યક્રમ યોજાયો હતો. ચોથનાં રાત્રે શ્રી કોઠારા જૈન મહાજનશ્રીની એક મીટીંગ વીરચંદભાઈ ચાંપશી ધરમશીના અધ્યક્ષસ્થાને મળી હતી. રાત્રિ ભાવનાઓમાં અક્ષય વિનોદ મોતા તથા ભવ્ય રમણિક શાહ નંદ, લક્ષ્મીબેન વિકમશીંએ ભારે રમઝટ બોલાવેલ, નલીનભાઈ દંડ, ગુલાબ મણશી, સુનિલ હીરજીની સેવાઓને બિરદાવવામાં આવેલ.

વ્યવસ્થામાં હરીશ મુનવર, લહેરચંદ લોડાયા, ધનપતિ લોડાયા, દીનેશ મોતા, ચન્દ્રકાન્ત મુનવર, મુલચંદ મુનવર તથા સર્વે કાર્યકરોએ સહકાર આપ્યા હતો. શ્રી કોઠારા જૈન મિત્ર મંડળ દ્વારા આઠે દિવસ બે ટાઈમ સ્વામિવાત્સલ્ય તથા સંધ્યા ભોજન યોજાયેલ.


## લગ્ન સંબંધી

**મુંબઈ મુલુંડ, હાલ થાણા સ્થિત**
**1989 જન્મ, ઉંચાઈ 5.5", વજન 55 Kg.**
**અભ્યાસ BE કોમ્પ્યુટર એન્જિનીયર**
**માંગલિક, દેખાવડી, કુંવારી કન્યા માટે**
**કુંવારા, ભણેલા, વેલ સેટલ,**
**માંગલિક યુવકના વડીલો**
**ફોટો બાયોડેટા અને કુંડલી સાથે સંપર્ક કરે.**

**જાહેરાતનો હેતુ યોગ્ય પસંદગી**

**Seeking Alliance for**

**Mulund based presently at Thane,**
**1989 Born, 5.5", 55 Kg.**
**BE Computer Engineer**
**Fair, Beautiful, Mangalik Girl, Parents of the suitable, unmarried Managalik boy.**
**Contact with Photo, Biodata and Kundali**

**કલ્પના Kalpana : 09664091221**
**hmeisheri@yahoo.com**


### શ્રી આર્ય ગુણ ગુરુકૃપા જૈન તીર્થ મધ્યે અંજન પ્રતિષ્ઠા જાજમ મંગલ આદેશોત્સવ

રામજી કા ગોલ, ગુરુકૃપા તીર્થ મધ્યે શ્રી મેરુતુડ ગોડીજી પાર્શ્વનાથ ભગવાન સહ શ્રી આર્યરક્ષિત સૂરિદાદાવાડી ગુરુ મંદિરની અંજનશભાકા પ્રતિષ્ઠા તીર્થ પ્રેરક, પ્રતિષ્ઠાચાર્ય, રાજસ્થાન દક્ષિણ-દિપક પ.પૂ.આ.ભ. કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. આદિઠાણાની નિશ્રામાં રવિવારના તા. ૨ ઓક્ટોબરના યોજાશે. શ્રી આર્ય ગુણ ગુરુકૃપા જૈન તીર્થ, બાડમેર-સાંચોર હાઈવે નં. ૧૫ પર, પો. રામજી કા ગોલ, ત. ગુડા માભાણી, જિ. બાડમેર - ૩૪૪૦૩૧ ખાતે આવેલ છે. સંપર્ક : 09414107194

### હુબલીમાં પર્યુષણ ઉજવણી

હુબલીમાં ચાર્તુમાસ અર્થે બીરાજેલ પ.પૂ. વિજયપૂર્ણાશ્રીજી મ.સાહેબ આદી ઠાણા બેની નિશ્રામાં વિવિધ કાર્યક્રમો સાથે પર્યુષણ પર્વ ઉજવાયા. ભક્તજનોએ સારી સંખ્યામાં હાજરી આપેલ. કલ્પસૂત્ર ઘૃતમણ ૨૮૦૦ માં સહ હીરજી હેમરાજ મોમાયા પરિવારે જ્યારે પ્રભુજીનું પારણું ઘૃતમણ ૧૦૧માં શ્રી ટોકરશી હીરજી સાવલા પરિવારે લાભ લીધેલ. ૧૪ સ્વપ્નાનું કુલ્લ ઘૃત મણ ૪,૫૪૦૪૫ થયેલ જેમા મુખ્યત્વે મહા-લક્ષ્મી કે જેનું ઘૃત ૧,૧૫,૦૦૦ મણમાં શ્રી કરમચંદ આણંદજી વિકમશી પરિવારે લાભ લીધેલ.

શ્રી જીરાવલ્લા પાર્શ્વ લબ્ધિકુંભના દરરોજના જાપ ચાલુ છે. જાપ પૂર્ણ થયે તેને ઘરે લઈ જવાનો લ્હાવો શ્રી દામજી જાધવજી છેડા પરિવારે લીધેલ છે. જ્ઞાતિના હુબલીના તપસ્વીઓ આ મુજબ હતા. શ્રી ડોનીલ પ્રફુલ્લ છેડા, કે જે સમેત શિખર તિર્થે ઉપવાસ ચાલુ છે. ૯૦ ઉપવાસથી આગળ થયેલ છે.

૮ ઉપવાસ કરનારા તપસ્વીઓ (૧) શ્રી પ્રમોદ દિપકભાઈ વિકમશી, (૨) શ્રીમતી રીટાબેન રમેશ દેસાઈ, (૩) ચિ. જીનલ મેહુલ સોનાવાલા, (૪) શ્રી વૈભવ સોમચંદ મોમાયા (૫) ચિ. કરિશ્મા શૈલેષ પટેલ તથા (૬) ચિ. ભક્તિ હિતેન્દ્ર મહેતા.


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટિસ્ટેડ કસબ અને જીક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટિસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

## નવા/બદલાયેલા સરનામા/ફોન – (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **પંકજ શામજી લોડાયા** (PS 438) | ડી-૧૧, મીરા મેન્શન, સાયન સર્કલ, ઈન્દીરા માર્કેટ સામે, સાયન, મુંબઈ - ૪૦૦ ૦૨૨. |
| **મે. આયરીશ બેન્ક્વેટ** (PS 7279) | પુરૂષોત્તમ ખેરાજ એસ્ટેટ, જ્ઞાન સરિતા સ્કુલ પાસે, ડૉ. આર. પી. રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦. |
| **શિતેશ મણીલાલ સિયાલ** (PS 2566) | ૯૦૩, બેલા વિસ્ટા, ૨૦-એ, ઓસવાલ પાર્ક, પોખરણ રોડ નં. ૨, થાણે (વેસ્ટ) - ૪૦૦ ૬૦૧. મો. : ૯૯૮૭૦ ૪૯૩૮૯ |
| **સલીમ ઢોલી** (PS 7280) | ૬૯, જુની માતૃછાયા, ૩, ગાલે પટેલ ચોક, શિવાજી નગર, વાગલે એસ્ટેટ, થાણે - ૪૦૦ ૬૦૪. |
| **વિપેશ નવીનચંદ લાલકા** (PS 7281) | સી-૧૪૦૩, નિહારિકા કો.હા.સો., પોખરણ રોડ નં. ૨, લોકપુરમ સ્કુલની સામે, થાણે (વેસ્ટ) - ૪૦૦ ૬૧૦. મો.: વિપેશ ૭૦૪૫૦ ૦૨૬૫૦, ૭૦૨૧૨ ૮૮૩૧૨ મો.: દીપા ૮૨૯૧૫ ૬૫૬૩૧, ૯૧૧૪૯ ૬૯૩૫૩ |
| **જયેશ પ્રેમચંદ ખોના** (PS 7278) | એએનડી કોમ્પલેક્સ, સી વીંગ, ૭૦૩, લોટસ, અગાસન ફાટક પાસે, અગાસન, દીવા (ઈસ્ટ), થાણે - ૪૦૦ ૬૧૨. મો.: ૯૮૧૯૩ ૫૫૬૬૫ |
| **જગદીશ શિવજી નાગડા** (PS 2706) | નંદનવન કો.હા.સો., બીજે માળે, પ્લોટ નં. ૫૮, સેક્ટર નં. ૧૭, લેન નં. ૩, નેરૂલ, નવી મુંબઈ - ૪૦૦ ૭૦૬. |
| **મુલચંદ માણેકજી મોતા** (PS 3226) | ફ્લેટ નં. ૫૦૩, પ્લોટ નં. ૪ અને ૫, સેક્ટર - ૨૦, એરોલી, નવી મુંબઈ-૪૦૦ ૭૦૮. મો.: ૯૮૨૧૩ ૫૧૧૮૮ |
| **શાંતીલાલ કે. મોમાયા** (PS 3971) | એ/૦૯, સાઈ જ્યોત એપાર્ટમેન્ટ, ગુપ્તે ક્રોસ રોડ, ડોમ્બીવલી (વેસ્ટ) - ૪૨૧ ૨૦૨. |
| **શિતેશ મુલચંદ છેડા** (PS 6161) | સાકાર રેસીડેન્સી, રૉયલ બ્લૉક, ફ્લેટ ૧૦૧, શેડ્યુલ નં. ૫૪, લોટસ શોરૂમ સામે, એ. બી. રોડ, ઈન્દોર - ૪૫૨ ૦૦૧. મધ્ય પ્રદેશ. મો.: ૯૩૨૯૮ ૦૧૫૪૯ |
| **પ્રવીણ આનંદજી ધુલ્લા** (PS 5923) | C/o. જિતેન એમ. લોડાયા, કાર્નિશ કેસલ, ૩-સી, ૩જે માળે, ગેલેક્સી બિલ્ડીંગ, રેડ ક્રોસ રોડ, કાલીકટ - ૬૭૩ ૦૩૨. મો.: ૯૯૯૫૬ ૯૨૬૯૯, ૪૯૫૪૦૧૭૧૦૮ |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૪-૦૪-૧૬ | મુલુંડ (ભુલ સુધાર) | સિયોના, હંસિકા અમિત મુલચંદ લાલકા | નલિયા | પુત્રી |
| ૨૧-૦૮-૧૬ | પૂના | દિક્ષા, આશા અરૂણ મૈશેરી | સાંયરા | પુત્રી |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૪-૦૯-૧૬ | દુબઈ | કુનાલ રાજેશ જેઠાભાઈ વિરજી દંડ | લાલા | ૨૭ |
| | જલગામ | અંજલી ખુશાલ પુજાભાઈ મૈશેરી | વારાપધર | ૨૨ |
| ૧૪-૦૯-૧૬ | ગુંટૂર | ભાવેશ પદમશી વિશનજી નાગડા | ગોએરસમા | ૨૮ |
| | સાતારા | દિક્ષીતા ચેતન તિલકચંદ મોતા | નલિયા | ૨૩ |

### અંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૪-૦૯-૧૬ | અંબરનાથ | મેહુલ હીરાચંદ ઉમરશી ધરમશી (શાહ) | સુથરી | ૨૪ |
| | અંબરનાથ | રાજેશ્વરી રામચંદ્ર કોરાગા શેટ્ટી | મેંગલોર | ૨૧ |

### અંતરજ્ઞાતિય લગ્ન છૂટા થયા

| | | | | |
|---|---|---|---|---|
| ૨૫-૦૯-૧૬ | ડોમ્બીવલી | સાગર કીરીટકુમાર વિશનજી લોડાયા | મોટી ખાવડી | ૩૦ |
| | નેરુલ | ઉર્વી જયંતિલાલ વેરશી મંગે | નરેડી | ૩૦ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨-૦૯-૧૬ | ગદગ | ઉપેન્દ્ર કલ્યાણજી ધરમશી | નલિયા | ૬૮ |

# લોડાયા પરિવારનું ગૌરવ



## ચિ. નિધી મયુર લોડાયા

**મોટી ખાવડી - ઘાટકોપર**

ચિ. નિધીએ વડિલોના આશિર્વાદ તેમજ પોતાની અથાગ મેહનત અને લગનથી માસ્ટર ઇન બાયોટેક્નોલોજી (Master in Bio - Technology) ની ડીગ્રી પ્રથમ શ્રેણીમાં (August - 2016) હાંસીલ કરીને જીવનને નવી દિશા આપતું સ્વપ્ન સાકાર કરી લોડાયા પરિવારનું ગૌરવ વધારેલ છે. જીવનનાં દરેક ક્ષેત્રે એના યશસ્વી ભાવિ માટે અમારી મંગલ શુભકામના સાથે શુભાશિષ.

**શુભેચ્છક**

માતુશ્રી જયાબેન મોતીલાલ દેવજી લોડાયા પરિવાર
માતુશ્રી સુમિત્રાબેન દિનેશભાઇ ગાંધી પરિવાર
માતુશ્રી સોનબાઇ દામજી લખમશી માલદે પરિવાર

**ભાઇ-બહેન : વિરાગ, અલ્પા- અલ્પેશ, જીનલ-મોનિક, નીરલ, સસ્નેહ - ધવલ મયુર લોડાયા**

---

# અનુમોદના

*ધન્ય તારી તપસ્યા અને ધન્ય આપણું જિનશાસન, આહાર સંજ્ઞા તોડવાની તને લાગી લગન...*
*મક્કમ બનાવ્યા તે તન અને મન, 'માસક્ષમણ' તપસ્યા કરી તે શોભાવ્યું જીવન...*



## ચિ. માનસી

માતા-પિતા : **કીર્તિદા ગિરીશ મોમાયા** (મુલુંડ)

આશિર્વાદ

**માતુશ્રી સૌભાગ્યબેન મણીલાલ ખીમજી મોમાયા પરિવાર** (ડુમરા)
**માતુશ્રી રતનબેન ગોવિંદજી (મંગલભા) ખીમજી દંડ પરિવાર** (લાલા)

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (19-9-16)
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2016
Posting : Monday / Tuesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001


# ARIHANT BANK
SHRI ARIHANT CO-OP. BANK LTD.

## CAREER OPPORTUNITIES

**SHRI ARIHANT CO-OP BANK LTD-**

a reputed fast growing Co-operative Bank with a network of Eight Branches Requires services of experienced Bankers for the following positions.

**C.E.O.**

**MARKETING MANAGER**

**MANAGERS (INCLUDING BRANCH MANAGERS)**

**Mail your CV to ceo@arihantbank.com**

**Our HO Address:**
GB- 10 A & B, Karma Stambh,
L.B.S. Marg, Vikhroli (W), Mumbai - 400 083.

**Tel No. 022-25799326**


## અનુમોદના



**કુ. મહેક જીજ્ઞેશ મોતા,** ઉ.વ. ૧૩
રાપર ગઢવારી - મુલુંડ

અમારી લાડકવાયી મહેકે આઠ ઉપવાસની આરાધના શાસન દેવની કૃપાથી શાંતિપૂર્વક પરિપૂર્ણ કરેલ છે.

**અમારી બધાયની હાર્દિક અનુમોદના...**

**જવેરબેન કુંવરજી (રમેશ) મોતા પરિવાર**

- **મનિષ - ભાવના** તથા **ઉર્મિ** (USA)
- **રાજેન્દ્ર - અરૂણા** તથા **આદિત્ય** એવં **આર્નવ** (USA)
- **જીજ્ઞેશ - નૂતન** તથા **કાશવી** ના **જિનેન્દ્ર**

## પૂનાના ટ્રસ્ટ દ્વારા પ્રબોધ મુનવરને 'ડૉ. કલામ રાષ્ટ્રરત્ન' એવોર્ડ



શ્રી મણીભાઈ દેસાઈ માનવસેવા ટ્રસ્ટ પુના દ્વારા કચ્છનાં પ્રબોધ મુનવર કોઠારા હાલે ભુજને ભારતરત્ન ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ રાષ્ટ્રરત્ન એવોર્ડની જાહેરાત કરવામાં આવી છે.

મુળ કોઠારાનાં અને ભુજ નજીક વર્ધમાન નગરમાં રહેતા માનવજ્યોત સંસ્થા ભુજના પ્રમુખ શ્રી પ્રબોધ મુનવરને તેમની માનવસેવા-જીવદયા અને પર્યાવરણ પ્રવૃત્તિઓની નોંધ લઈ, આ એવોર્ડથી ૧૫મી ઓક્ટોબરે પૂના મધ્યે સન્માનિત કરવામાં આવશે.

તેમને મળેલા અન્ય એવોર્ડો : • ગુજરાત સરકારશ્રીનો ''જાહેર સુખાકારી પ્રવૃત્તિઓ માટેનો એવોર્ડ, (૨૦૧૨ના વર્ષનો) પ્રબોધભાઈને સાંસ્કૃતિક અને રમતગમત વિભાગના મંત્રી શ્રી ફકીરભાઈ વાઘેલા હસ્તે અર્પણ થયેલો. • 'કચ્છ ઉમંગ' નો ૨૦૧૧ ''કચ્છ ગૌરવ એવોર્ડ'' એમને અર્પણ કરાયો. • 'કચ્છ શક્તિ' નો 'રાષ્ટ્રીય એવોર્ડ' ૨૦૧૨માં ઉમદા સેવાઓ બદલ મળ્યો. • વિશ્વ સેવા પરિષદ દિલ્હીનો ''રાષ્ટ્રીય સેવારત્ન એવોર્ડ, ૨૦૧૩માં મળ્યો. • વર્ષ ૨૦૧૪માં ભુજ કચ્છની અનેક સંસ્થાઓ, રાજકીય અગ્રણીઓ તેમજ સરકારી કચેરીઓ દ્વારા એમને 'સન્માનપત્રો' અર્પણ થયા. • કચ્છ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ''વાયબ્રન્ટ કચ્છ-૨૦૧૫''નો એવોર્ડ, રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલના હસ્તે અર્પણ થયો.

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,